
છૂટક નકલ : રૂા. ૧૫/-
Published on 29th of Every Month
ISSN 2278 - 4640 Tadarthya

તાદર્થ્ય

વર્ષ : ૧૩, અંક : ૧, જૂન - ૨૦૧૮

આદ્યતંત્રી : ડૉ. મફત ઓઝા



તંત્રી
સવિતાબહેન મફતલાલ ઓઝા
એમ-૨૯/૨૪૯, વિદ્યાનગર ફ્લેટ્સ, હિંમતલાલ પાર્ક પાસે,
આંબાવાડી, અમદાવાદ - ૩૮૦ ૦૧૫.
ફોન : (૦૭૯) ૨૬૭૪૫૧૯૩

તાદર્થ્ય

વર્ષ : ૧૩, અંક : ૧, જૂન - ૨૦૧૮

લવાજમ : વાર્ષિક - રૂ. ૧૫૦/-　　　　આજીવન : રૂ. ૧૫૦૦/-

છૂટક નકલ : રૂ. ૧૫/-

તંત્રી : સવિતા ઓઝા　　સહતંત્રી : પૂર્વી મફત ઓઝા

'તાદર્થ્ય' અંગે સૂચનાઓ

- 'તાદર્થ્ય' દર માસની ૨૯મી તારીખે પ્રગટ થાય છે.
- 'તાદર્થ્ય'ના ગ્રાહક વર્ષમાં ગમે ત્યારે થઈ શકાશે.
- અંક બીજા મહિનાની દસ તારીખ સુધીમાં ન મળે તો નજીકની પૉસ્ટઑફિસે તપાસ કર્યા બાદ જાણ કરવી. અંક સિલકમાં હશે તો મોકલી અપાશે. ટપાલમાં ગુમ થયેલ અંકની જવાબદારી અમારી રહેશે નહીં.
- લવાજમની રકમ ડ્રાફ્ટ, મની ઑર્ડર અથવા રોકડા રૂપિયાથી સ્વીકારાશે. ડ્રાફ્ટ 'તાદર્થ્ય'ના નામનો મોકલવો.
- અનુવાદ કરેલ કૃતિમાં મૂળ લેખકની અનુવાદ અંગેની સંમતિ જોડવી આવશ્યક છે. કવિ-લેખકોએ કવિતા કે લેખની નીચે પોતાનું પૂરું સરનામું પિનકોડ અને ફોન નંબર સાથે અવશ્ય લખવું.

Printed, Published & Owned by **Savitaben Mafatbhai Oza**, & Printed at : **Niyati Offset**, 45, Kothari Park, Near Jain Temple, Opp. Niharika Park, Khanpur, Ahmedabad-380001 & Published From : M/29/249, Vidhyanagar Flats, Nr. Himmatlal park, Ambavadi, Ahmedabad-380015. Editor : **Savitaben Mafatbhai Oza**. Sub Editor : **Purvi Mafat Oza**. Annual Subscription : Rs. 150/-

તંત્રીલેખ

ખડખડાટ હાસ્યનો યુગ આથમી ગયો...

– પૂર્વી મફત ઓઝા

શ્રી વિનોદ ભટ્ટ આપણી ભાષાના સમર્થ હાસ્યલેખક. કોઈપણ પરંપરામાં ગોઠવાયા વગર એમણે હાસ્યક્ષેત્રે બહુમૂલ્ય અને નોંધપાત્ર પ્રદાન કર્યું છે. 'પોતાની મર્યાદાઓને હસી શકે તે સાચો હાસ્યકાર' એમ ગણાતું હોય તો વિનોદ ભટ્ટને એનું શ્રેય આપી શકાય. જ્યોતીન્દ્ર દવે, ધનસુખલાલ મહેતા, બકુલ ત્રિપાઠી, તારક મહેતાની હાસ્યપરંપરામાં વિનોદ ભટ્ટ એમના વિનોદ માટે જાણીતા છે. ડંખ વગરનું, મર્માળું હાસ્ય એ એમનો વિશેષ રહ્યો છે.

વિનોદભાઈનો જન્મ ૧૪ જાન્યુઆરી, ૧૯૩૮ના રોજ નાંદોલ ખાતે થયો હતો. તેમણે બી.એ., એલએલ.બી.ની પદવી પ્રાપ્ત કરી. વ્યવસાયે વેરા સલાહકાર, પરંતુ તેમણે આજીવન લેખનકાર્યને પ્રેમ કર્યો છે. અભ્યાસમાં ઝાઝો રસ નહીં ને પરિવારમાં સાહિત્યિક માહોલ નહીં તે છતાં અઢાર વર્ષની વયે તેમનું 'પહેલું સુખ તે મૂંગી નાર' પુસ્તક પ્રગટ થાય છે. દીકરો લેખનકાર્ય છોડી કંઈ કામધંધે વળગે એવી આશાએ પિતા દ્વારા આ પુસ્તક પ્રગટ કરવામાં આવે છે, પરંતુ તેમની આ આશા ફળતી નથી. ૧૯૬૬થી લેખનકાર્યની શરૂઆત કરનાર વિનોદ ભટ્ટ પોતાનામાં રહેલી હાસ્યલેખકની ગુંજાયેશને જાણી શક્યા નહોતા. પરિણામે એમણે લેખનકાર્યનો આરંભ ૫૦ જેટલી કરુણ વાર્તાઓના આલેખનથી કર્યો. પિતાના હાસ્યલેખક મિત્રએ જ્યારે આ વાર્તાઓ વાંચી ત્યારે એમણે વિનોદભાઈને હાસ્યલેખનમાં હાથ અજમાવવા કહ્યું ને તે ક્ષણે જ એમણે એમની ૫૦ વાર્તાઓ ફાડી નાખી. એ રીતે તેઓ કરુણલેખનમાંથી કાયમ માટે બહાર નીકળી શક્યા.

હસવું જેટલું સહેલું છે તેટલું હસાવવું અને હાસ્યના આખા શાસ્ત્રની વાત કરવી તો એથીય કપરું કામ છે. વિનોદભાઈ હસી શક્યા છે, હસાવી શક્યા છે ને સાથે હાસ્યના શાસ્ત્રને આપણી સામે પ્રગટ પણ કરી આપે છે. એમણે હાસ્યના સ્વરૂપો અને શૈલી પરત્વે અનેક પ્રયોગો કર્યા છે. નિબંધ, દૃષ્ટાંતકથા, રેખાચિત્ર જીવનચરિત્ર, વિવેચન એમ અનેક પ્રકારે એમણે હાસ્યલેખન કર્યું છે. એ જેટલા ઉત્તમ હાસ્યલેખક છે એટલા જ ઉત્તમ વિવેચક પણ છે. વિવેચકમાં અનિવાર્ય એવો તાટસ્થ્યનો ગુણ એમણે કેળવ્યો છે. ૩૫થી પણ વધુ વર્ષો સુધી અખબારના કૉલમિસ્ટ રહ્યા હોઈ ૫૦થી પણ વધુ પુસ્તકો માત્ર કૉલમને આધારે તૈયાર થઈ શકે તેમ હોવા છતાં એમણે એ ન છપાવી સ્વમોહમાંથી બચી, પોતાની સભાનતાનો પરિચય કરાવ્યો છે. નવલરામ, રમણભાઈ નીલકંઠ, ગગનવિહારી મહેતા વગેરેની જેમ હાસ્યની સમજ આપવાના પ્રયત્નોની પરંપરામાં વિનોદભાઈએ 'વિનોદવિમર્શ' દ્વારા હાસ્યની માત્ર શાસ્ત્રીય જ નહીં, પરંતુ ઉદાહરણખચિત રસાળ શૈલીમાં કરેલી ચર્ચા એમને વિવેચક તરીકે પણ સ્થાન અપાવે છે. હાસ્ય વિશે પ્રાચીન ભારતીય મીમાંસકો અને પાશ્ચાત્ય વિવેચકો દ્વારા થયેલી ચર્ચા, હાસ્યના માન્ય પ્રકારો વિશે વિદ્વાનોના મંતવ્યો નોંધતા જઈને, પોતાના મર્માળાં નિરીક્ષણો આપવાની તેમજ વાચકને રસ પડે એવા દૃષ્ટાંતો આપવાની પદ્ધતિને કારણે આ આખો ય વિવેચનગ્રંથ વાચકને આનંદ અને સમજ

બંનેની એકસાથે અનુભૂતિ કરાવે છે. હાસ્યના નાનામાં નાના પેટાપ્રકાર એવા 'જોક' વિશે એમણે નાનકડી નોંધ આપી છે તો હાસ્યના પેટાપ્રકાર માટે અંગ્રેજી શબ્દોની સાથે જ ગુજરાતી પર્યાયો પણ મૂકી આપ્યાં છે. ગુજરાતી પર્યાય દ્વારા અર્થ પ્રાપ્ત ન થાય તો નિરૂપણ દ્વારા કે દૃષ્ટાંત દ્વારા એ મેળવી શકાય તેની કાળજી પણ લીધી છે. હાસ્યની શાસ્ત્રીય ચર્ચા કરતી વખતે જ્યાં જ્યાં અવકાશ મળ્યો છે ત્યાં ત્યાં એમણે પોતાની વિનોદવૃત્તિ પ્રગટ થવા દીધી છે.

હાસ્યની પરિપાટી પર રહીને એમણે 'એવા રે અમે એવા' નામે આત્મકથા આપી છે તે એક વિલક્ષણ પ્રયોગ છે. આત્મકથામાં ચાર દાયકાની લેખનયાત્રાના અનુભવો સાથે સાહિત્યજગતના ચિત્રો અને અંગત સંબંધોનું એક આખું કૉલાજ આપણને પ્રાપ્ત થાય છે. એક હાસ્યકાર કેટકેટલા વ્યક્તિત્વો પોતાની અંદર જીવતો હોય છે તેનો ખ્યાલ અહીં સાંપડે છે. નિર્ભીક નિખાલસતા, વિવેકશક્તિ, પ્રસંગોનું જીવંત આલેખન, હાસ્ય સાથે ચિંતનશીલતા, વર્ણનની સચોટતા સંક્ષિપ્તતા સાથેની અર્થઘનતા સત્યના પક્ષે રહીને આ આત્મકથામાં પ્રગટી છે. સમાજમાં હાસ્યલેખકને એક ટુચકાબાજ કે એન્ટરટેનરથી વધારે પ્રતિષ્ઠા મળતી નથી તેની પીડા પણ અહીં ડોકાય છે. વિનોદ ભટ્ટના આંતરબાહ્ય વ્યક્તિત્વનો પરિચય આપતી આ આત્મકથા એક પારદર્શી સર્જનાત્મક આત્મકથા બની રહી છે.

જોક્સ અને રમૂજ કિસ્સાઓ ભેગા કરવાથી લેખનકાર્યની શરૂઆત કરનાર વિનોદભાઈએ 'વિનોદની નજરે' લેખમાળા દ્વારા સૌનું ધ્યાન કેન્દ્રિત કર્યું. હાસ્ય ખાતર હકીકત સાથે છૂટ લઈને, ડંખ દેવાના આશય વિના, ઔચિત્યની કોઠાસૂઝ સાથે એમણે અહીં જાણીતા વ્યક્તિત્વોના રેખાચિત્રો આપણને આપ્યાં છે. એમણે એક ઇન્ટરવ્યૂમાં 'વિનોદની નજરે', 'એવા રે અમે એવા' અને પછી ગણી શકાય તો 'વિનોદવિમર્શ' કૃતિ લખી સંતોષ થયાનું કહ્યું છે. શેખાદમ, ચાર્લી ચેપ્લિન, નર્મદ, મુનશી, ચેખોવ, જ્યૉર્જ બર્નાડ શો આદિના હળવા રેખાચિત્રો આપી અભ્યાસકાળ દરમિયાન પડેલી ખોટને પૂરી કરી દીધી છે. 'કુમારચંદ્રક', 'રણજિતરામ સુવર્ણચંદ્રક', 'ગૌરવ પુરસ્કાર'ની સાથે ગુજરાતી સાહિત્ય પરિષદ, ગુજરાત સાહિત્ય અકાદમી અને ગુજરાત રાજ્ય સરકાર દ્વારા તેમનું હાસ્યસર્જન સતત પોંખાતું રહ્યું છે. ગુજરાતી આત્મચરિત્ર, હળવા નિબંધ અને રેખાચિત્રના સ્વરૂપને નવો આયામ આપવામાં વિનોદ ભટ્ટનું પ્રદાન બહુમૂલ્ય છે.

હાસ્યલેખક ઉપરાંત ગુજરાતી સાહિત્ય પરિષદ જેવી સંસ્થાના પ્રમુખ તરીકે એમણે સંસ્થાને આર્થિક રીતે પગભર કરવાનું જે કાર્ય કર્યું છે તે પણ ચિરસ્મરણીય છે. સાહિત્યના મુખ્ય પ્રવાહમાં હાસ્યનું સ્થાન ગૌણ છે. પ્રાચીનકાળથી જ હાસ્યરસની ઉપેક્ષા થતી આવી છે. ભરતમુનિએ પણ નાટ્યશાસ્ત્રમાં શૃંગારરસની આડપેદાશ રૂપે હાસ્યનો સ્વીકાર કર્યો છે ત્યારે સાહિત્યના મુખ્ય પ્રવાહમાં હાસ્યરસને સ્થાપિત કરનાર આપણા હાસ્યલેખકોમાં મુઠ્ઠી ઊંચેરું નામ વિનોદ ભટ્ટનું ગણી શકાય. હસવું અને હસાવવું આ બે કાર્ય જ જેમની જીવનનીતિ બની રહ્યા તેવા વિનોદ ભટ્ટ હવે આપણી વચ્ચે નથી ત્યારે ખડખડાટ હાસ્યનો જાણે કે એક યુગ આથમી ગયો હોય તેવું લાગે છે. શ્રી વિનોદ ભટ્ટને સાદર શ્રદ્ધાંજલી.

●

અનુક્રમણિકા

●

કાવ્ય

– રમણીક સોમેશ્વર

સવાર સવારમાં
ચિચિયારી પાડતું
એક પંખી
આકાશને વીંધતું
ચાલ્યું ગયું
એણે
વીંખીપીંખી નાખ્યું
મારા અંદરના આકાશને.
આંગણાનાં વૃક્ષો
પૂતળાં જેવાં
સ્તબ્ધ
અને હું
ખોડાઈને ઊભો રહી ગયો
થાંભલા જેવો.
પાંદડાંની જેમ
ખરવા લાગ્યાં
મારાં રૂંવાડાં
ઉદાસ પતંગિયું
મારા ખભે બેસી
જોતું રહ્યું ફૂલોને
દૂરથી....

મારી છાતીના પોલાણમાં
ગૂંજ્યા કરે છે હજુય
પંખીની
ચિચિયારી

●

બે ગઝલ

– રાકેશ દેસાઈ

૧.
તો

સંભળાતું એ તરત, જો કાચ ફૂટે તો,
પણ અવાજો તૂટતાં સંબંધ તૂટે તો!

સામસામે આંખમાં જોવું નથી સ્હેલું,
પણ કરો શું, જો અચાનક વાત ખૂટે તો?

વાછડાં જેવી ક્ષણો જો ભાંભરી ઊઠે,
ને સમયના આંચળે ધારા વછૂટે તો!

ટૂંટિયું વાળી પડ્યો છે જેલમાં તડકો,
આજ સાંજે કેદમાંથી સૂર્ય છૂટે તો!

લાગણીનો દોર ઝાલો તો ગઝલ મળશે,
શબ્દ, અર્થો આંધળે બ્હેરું જ કૂટે તો !

●

૨.
પંપાળી ગયું છે

એક ખરતું પાન પંપાળી ગયું છે,
આભ વરસીને વચન પાળી ગયું છે.

શ્વાસમાં વર્તાય છે ફોરમ અનેરી,
કોણ ચોફરતે સમય ગાળી ગયું છે ?

વાસ્તવિકતાના દઈ સોગંદ છેવટ,
સ્વપ્ન આખી રાતને ટાળી ગયું છે.

શૂન્યમાં પણ શૂન્યતાની હાજરી છે,
જાતમાં મન એટલું ભાળી ગયું છે.

શબ્દના યજ્ઞે ધુમાડો નીકળે છે,
અર્થ લીલો કોણ આ બાળી ગયું છે?

●

ગઝલ

– દિનેશ ડોંગરે 'નાદાન'

વેદના - સંવેદનાનો અંત ક્યાં છે ?
બોલ, તારી યાતનાનો અંત ક્યાં છે ?

મારું-તારું, મોહ-માયા, દ્વેષ-ઈર્ષા,
ભાવના-દુર્ભાવનાનો અંત ક્યાં છે ?

શ્વાસ નામે પંખીઓ ઊડ્યા કરે ને,
મૃગજળી સંભાવનાનો અંત ક્યાં છે ?

એની પાસે ક્યાં સુધી માગ્યા જ કરશું ?
આ નિરંતર યાચનાનો અંત ક્યાં છે ?

જન્મથી મૃત્યુ સુધીની આ સફરમાં,
આશ, સપના, ઝંખનાનો અંત ક્યાં છે ?

આ અતૂટ વિશ્વાસ, શ્રદ્ધા, પ્રાર્થનાઓ,
ધારણા-અવધારણાનો અંત ક્યાં છે ?

●

બે ગઝલ

– રિયાઝ દામાણી

૧.
હતી કોઈની ક્યાં !

જગત કે ખુદાની હતી કોઈની ક્યાં ?
સદા મહેરબાની હતી કોઈની ક્યાં ?

નહીં સાવ રુચે કદી ક્યાંય ખૂંચે,
હયાતી સુહાની હતી કોઈની ક્યાં ?

બધા છાતીએ લઈ ફરે એમને પણ,
જીવનભર જુવાની હતી કોઈની ક્યાં ?

હતું પાર્થ થાવું સહેલું ઘણું પણ,
નજરમાં નિશાની હતી કોઈની ક્યાં ?

તને શાલ ને પુષ્પગુચ્છો નવાજે,
કદર તો કલાની હતી કોઈની ક્યાં ?

●

૨.
માણસ

છેલ્લેથી છે પહેલો માણસ,
ફોગટ હરખે ઘેલો માણસ.

વાચા ઊજળી હો એની પણ,
મનથી તો છે મેલો માણસ.

જાત પ્રશંસા પોતાને મુખ,
પોતે ગુરુ-ચેલો માણસ.

અંધ નયન ને દોડાદોડી,
વહેતા જળનો રેલો માણસ.

હમણાં તો અહીંયા જ હતો એ,
સપનામાં દીઠેલો માણસ.

●

કાવ્ય

– વિજય રાજ્યગુરુ

સરવર એક અરીસો

સરવર એક અરીસો
એમાં મોં વાદળિયું જોતી
અમળાતી વળ ખાતી
થોડું શરમાતી ઝંખાતી
પાણીપાણી થઈ પળભરમાં
વરસી જાતી
વહેતી થાતી
જઈને ખેતરના ખૂણાના
ખાડામાં બસ બેસી જાતી.
ડહોળપથી જ્યાં
માંડ આછરી
થીર થતી ત્યાં
સૂરજને પોતાની ભીતર
છબછબિયાં કરતો દેખીને
લજ્જાથી ઝબકી-તબકીને
ભોં ભીતર સંતાતી જાતી
વળી પછી એ પાછી ત્યાંથી
સૂરજમુખી થઈને ઊગી
આખ્ખો દ્હાડો
છાનીમાની
સૂરજને બસ તાક્યા કરતી
સૂરજના તડકામાં
ઝબકોળાતી જાતી ન્હાતી જાતી
મલક મલક મલકાતી જાતી
છલક છલક છલકાતી જાતી
એના સુખને જોઈ સરોવર
ઈર્ષ્યાથી બળબળતું રહેતું
ધીરે ધીરે
સરવરનો ચળકંત અરીસો
ગળતો ને શુષ્કાતો જાતો
ઝંખાતો ઝંખાતો જાતો
જળહીણો થઈ
વાદળ બનવાની ઇચ્છા લઈ
તરડાતો તરડાતો જાતો
સરવર એક અરીસો આખર
બળીઝળીને
કેવળ સુક્કો
ભાઠો થાતો.....

●

કાવ્ય

– ભારતી બી. પ્રજાપતિ

કલાકાર (સૉનેટ)
(છંદ - પૃથ્વી)

નિરંતર પહેરતાં મન વસંત ભીની મજા!
વળી સબળ હૂંફથી સભર પી શિયાળા બધા.
દીવાસપન વાવતાં ભરબપોર વૈશાખમાં !
કુતૂહલ ભરી ઊડે બસ જુદા નભો શોધતાં !

ન પાનખર પાથરે, બસ અથાક તૃષ્ણા ચણે.
કદી સમય હાંફતો અકલ દોટ સંગે ઘણો
પરે નિયમ સૃષ્ટિના પરમતા ધરી શ્વાસમાં
અનાગત પળો ભરે સહજ ઘૂંટ પીયૂષના.

કરે ન નકશી, હતાં થર અતીત પીડા તણાં
જરા નરમ ટીપતાં મન ચડેલ ભારીપણાં.
રસાયણ ઉજાસથી અનુપ ઘાટ મૂલ્યો ઘડે!
રચાય પડ ખોતરી બસ કલા થકી કાળના!

નવો સમય ફૂટતો તવ ક્ષણો ધરી કોખમાં,
સજીવન બની સજે નવયુગો કલાકારથી !

●

ઋણાનુબંધ

– ડૉ. સુધીર દેસાઈ

રેખા : કોણ હશે ? ડૉક્ટર જ આવ્યા હશે! પણ ડૉક્ટર તો બે વખત ઘંટડી વગાડે છે. ત્યારે ? અવિનાશ જ હોવો જોઈએ. મેં એને કેટલીએ વખત ના કહી તો ય....
(બારણું ખોલે છે.)

અવિનાશ : રેખા ! કેમ છે બાપુજીને ? હવે તો સારું છેને ?

રેખા : ના. ગઈકાલ રાતથી તબિયત વધારે ખરાબ થતી લાગે છે. હમણાં જ ડૉક્ટર આવશે. મારે ફોન કરવો પડ્યો પણ.... મેં તને અહીં આવવાની ના કહી છે, તોયે પાછો કેમ આવ્યો ? તને ખબર છે ને કે તારો પડછાયો પણ બાપુજીને ગમતો નથી.

અવિનાશ : પણ રેખા ! બાપુજીની તબિયત સારી ન હોય ને હું ખબર જોવા પણ ન આવું એ કેમ બને ? એમને નહીં ગમતું હોય તો હું ઘરમાં નહીં આવું. બહારથી જ જતો રહીશ બસ.

રેખા : પણ.... પણ.... તારો અવાજ એમના કાન સુધી પહોંચી ગયો તો.... તો એ એવા તો ઉશ્કેરાઈ જશે કે પછી કાંઈ સાંભળશે જ નહીં અને તને ખબર છે ને કે આ રોગમાં માનસિક શાંતિ એ જ મુખ્ય દવા છે. પ્લી...ઝ, મારે ખાતર, હમણાં અહીં ન આવીશ.

અવિનાશ : પણ.... એમને કેમ છે એ મને કેવી રીતે ખબર પડશે? અચ્છા, તું દર બે કલાકે મને ફોન કરજે પણ સવારે તો હું ખબર કાઢી જ જવાનો. અંદર નહીં આવું. બહારથી જ જતો રહીશ. હમણાં ડૉક્ટર આવવાના છે તે શું કહે છે તે મને ફોન ઉપર જ જરૂરથી ખબર આપજે. હું ઑફિસમાં જ છું.

રેખા : સારું ફોન કરીશ. હવે તું હવે જા. બાપુજીને કંઈ કામ હોય તો હું અંદર જાઉં.

અવિનાશ	:	અચ્છા ત્યારે હું જાઉં પણ તું ફોન કરવાનું ન ભૂલીશ. (અવિનાશ જાય છે. રેખા બારણું બંધ કરવા જાય છે ત્યાં જ....)
સ્વામી અદ્વૈતાનંદજી	:	(શાંતિથી અને ગૌરવપૂર્ણ રીતે) હરિ ૐ તત્સત્ ! માઈ ! ભિક્ષા દોગી?
રેખા	:	સ્વામીજી, એક મિનિટ ઊભા રહો. હું હમણાં જ લઈ આવું છું. (અંદર જઈ ભિક્ષા લઈ આવે છે.)
રેખા	:	લો સ્વામીજી ! (ભિક્ષા આપતાં)
સ્વામીજી	:	(ભિક્ષા સ્વીકારતાં) સુખી રહો માઈ. (આશીર્વાદ આપતાં) ઘર મેં સબ ઠીક તો હૈં ?
રેખા	:	જી.... જી હાં.
સ્વામીજી	:	નહીં તુમ ગલત બોલતી હો. બાપુજી કી હાલત અચ્છી નહીં. સચ હૈ ના?
રેખા	:	પ...ણ... પણ તમે કેવી રીતે જાણ્યું ? (આશ્ચર્યથી)
સ્વામીજી	:	સબ પ્રભુ કી કૃપા હૈ માઈ ! ક્યા મૈં ઉનસે મિલ સકતા હૂં ?
રેખા	:	પણ ડૉક્ટરસાહેબે એમને આરામ લેવાનું કહ્યું છે. એમને સંપૂર્ણ આરામ અને શાંતિની જરૂર છે એટલે....
સ્વામીજી	:	પણ માઈ હું તો એમને દૂરથી જ જોઈ લઈશ. મને શ્રદ્ધા છે કે મારાથી એમને કંઈ દુઃખ નહીં થાય. કદાચ આરામ થાય ખરો.
રેખા	:	સ્વામીજી ! તમે.... તમે ગુજરાતીમાં બોલો છો ? (નવાઈ લાગે છે.)
સ્વામીજી	:	કેમ માઈ, નવાઈ લાગી ? હું ગુજરાતનો જ વતની હતો એટલે ગુજરાતી ભાષા કેવી રીતે ભૂલી શકું ?
રેખા	:	પણ બધા સંન્યાસીઓ તો હિંદીમાં જ બોલે છે અને આપ ગુજરાતીમાં બોલો તેમાં....
સ્વામીજી	:	માઈ સંન્યાસીને પોતાની કે પારકી કોઈ ભાષા હોતી નથી. એની પોતાની ભાષા તો એક જ અને તે બ્રહ્મની ભાષા. બીજી રીતે જુઓ તો બધી જ ભાષાઓ એની ભાષાઓ છે.
રેખા	:	સ્વામીજી ! બાપુજીને આ... પ...

સ્વામીજી	:	માઈ ! તમને પ્રશ્ન થાય એ સ્વાભાવિક છે પણ હું જ્યારે જ્યારે આ બાજુ આવું છું ને ત્યારે ત્યારે એમને જરૂર મળતો જાઉં છું. જુઓ આ રહ્યું એમનું પુસ્તક 'પંચદશી.' એના ઉપર આપના બાપુજીની સહી ને તારીખ બંને છે, હવે તો ખાતરી થઈને ? હવે તો એમના દર્શન કરવા દેશોને ?
બાપુજી	:	રેખા બેટા !
રેખા	:	એ... આવી બાપુજી !
બાપુજી	:	કોણ આવ્યું છે બહાર ?
રેખા	:	(મોટા અવાજે) એ તો એક સ્વામીજી આવ્યા છે. આપને ઓળખે છે.
બાપુજી	:	શું કહ્યું બેટા? કોણ આવ્યું છે ?
રેખા	:	તમને ઓળખતા એક સ્વામીજી આવ્યા છે.
બાપુજી	:	એમને અંદર બોલાવો બેટા !
રેખા	:	ચાલો સ્વામીજી.
સ્વામીજી	:	જય સચ્ચિદાનંદ.
બાપુજી	:	જય સચ્ચિદાનંદ સ્વામીજી ! બેસો.
સ્વામીજી	:	આપને હવે કેમ છે ? મને ખબર પડી કે આપની તબિયત સારી નથી એટલે થયું ચાલો જાતે જ દર્શન કરી આવું.
બાપુજી	:	આપે ઘણી બધી તકલીફ લીધી મારે માટે. ઘણો ઘણો આભાર સ્વામીજી! પણ હજી સુધી ..... માફ કરજો સ્વામીજી ! આપનું નામ મને યાદ નથી આવતું.... શક્ય છે આપણે ઘણે વખતે મળ્યા હોઈએ અને.....
સ્વામીજી	:	જી, મને બધા અદ્વૈતાનંદને નામે ઓળખે છે. હું પાંચ વર્ષ ઉપર આવ્યો હતો ત્યારે આપ કોઈ ખાસ કામ માટે ઘોડાગાડીમાં બેસીને બહાર જઈ રહ્યા હતા એટલે આપની જોડે વાત નહોતી થઈ શકી અને ભિક્ષા લઈને હું જતો રહ્યો હતો.
બાપુજી	:	અં... હા... હા....! બરોબર બરોબર. મારે બહારગામ જવાનું હતું એ વખતે તમે આવ્યા હતા. ગાડી ઉપડવાનો વખત થઈ ગયો હતો ને... હું આપને જયજય કરીને જ ઘોડાગાડીમાં બેસી ગયો હતો નહીં?! બરોબરને?!

રેખા : બાપુજી એમની પાસે તો 'પંચદશી'....

સ્વામીજી : માઈ ! પાણી મળશે ?

બાપુજી : કેમ નહીં ? કેમ નહીં ? જાઓ બેટા, સ્વામીજી માટે પાણી લઈ આવો.... અને સ્વામીજી આજે આપ અહીં જ.....

સ્વામીજી : નહીં નહીં. હું તો મારે મુકામે જ જઈશ. આપનાં દર્શન થયાં એ મારે માટે બહુ છે. હું તો પાણી પીને રજા લઈશ.

બાપુજી : એવું તો હોય સ્વામીજી ? આજે તો આપને અમારે ત્યાં જ ભોજન લેવું પડશે.

રેખા : લો સ્વામીજી ! આ પાણી.

સ્વામીજી : સુખી રહો માઈ ! (પાણી પી લીધા પછી)
હવે હું રજા લઉં પણ એક શરતે ભોજન લેવા આવું ? બોલો છે મંજૂર? (હસતાં હસતાં)

બાપુજી : તમેય ખરા છો ને સ્વામીજી ? ભોજનમાં શરત ?

સ્વામીજી : જી હા. આપ આટલો પ્રેમ બતાવો છો એટલે જ શરત રાખવી પડી છે અને શરત અઘરી પણ નથી. સાવ સહેલી છે.

બાપુજી : ચાલો, કહો તો ખરા શી શરત છે ?

સ્વામીજી : હું ભોજન લેવા આવું ત્યારે મને વાતોમાં રોકવાનો નહીં. ભોજન લઈ લઉં કે તરત જ જવા દેવાનો.

બાપુજી : પણ કંઈ કારણ? આપના જ્ઞાનનો લાભ તો આપશોને ?

સ્વામીજી : કારણ પૂછો તો એટલું કે ડૉક્ટરે આપને આરામ લેવાનો કહ્યો છે ને આપ મારી જોડે વાતો કરો છો. વાત કરવામાં પણ શ્રમ પડે છે, એ તો આપ જાણો છો. રહી જ્ઞાનની વાત તો હું કાંઈ એવો જ્ઞાની નથી કે કોઈ ચર્ચામાં ઊતરી શકું અને આપની ઇચ્છા હશે તો ફરી કોઈવાર જ્યારે આ તરફ આવીશ ત્યારે બેસીશું. પણ હમણાં તો નહીં જ.

બાપુજી : (હસતાં હસતાં) સ્વામીજી ..... સ્વામીજી ! તમે ખરેખર અદ્વૈત જ છો. તમે શરત પણ ખરી મૂકી. ચાલો જેવી તમારી ઇચ્છા !
(ઘંટડી વાગે છે બે વખત)

સ્વામીજી : ડૉક્ટર હશે નહીં ?

બાપુજી : હું ..... હા... હા... ડૉક્ટર જ હશે પણ તમને ક્યાંથી .... અરે .... આવો આવો ડૉક્ટર !

ડૉક્ટર : કેમ મહેતાસાહેબ કેવી છે તબિયત?

બાપુજી : શું કહું ? ગઈકાલ રાતથી જીવ જાણે ઊંડો ઊંડો ઊતરતો હોય એવું લાગતું હતું અને સવારે તો જાણે કે ધીમે ધીમે હું ભાન ગુમાવી ન રહ્યો હોઉં એવું થતું હતું એટલે જ આપને ફોન કરાવવા કહ્યું પણ થોડીવારમાં તો આ સ્વામીજી આવ્યા અને એમની વાતોમાં હું માંદો છું એ જ ભૂલી ગયો. સ્વામીજી ! આ અમારા ફેમિલી ડૉક્ટર રમેશચંદ્ર શેઠ. અમે બંને સહાધ્યાયી હતા પણ હું વકીલ થયો અને એ થયા ડૉક્ટર. ડૉક્ટર, આ છે સ્વામીજી અદ્વૈતાનંદજી. ખરેખર અદ્વૈત છે.

ડૉક્ટર : નમસ્તે સ્વામીજી !

સ્વામીજી : જય સચ્ચિદાનંદ !

ડૉક્ટર : સ્વામીજી ! આપણે કોઈ વખત મળેલ ખરા ?

સ્વામીજી : ડૉક્ટરસાહેબ ! આમ તો કંઈ હમણાં મળ્યાં હોઈએ એવું તો યાદ નથી. શક્ય છે કે કદાચ પહેલાં મળ્યાં હોઈએ. સંસાર જેટલો મોટો છે એટલો નાનો પણ છે.

ડૉક્ટર : સ્વામીજી ! આપને જો વાંધો ન હોય તો હું મહેતાસાહેબને તપાસી લઉં ?

સ્વામીજી : હા... હા... જરૂર... જરૂર. હું બહાર ઊભો છું.

બાપુજી : અરે સ્વામીજી ! બહાર જવાની કંઈ જરૂર નથી.

સ્વામીજી : ના... ના.... જે શોભતું હોય તે જ શોભે.
(થોડીવાર પછી)

ડૉક્ટર : સ્વામીજી ! અંદર આવી શકો છો.

સ્વામીજી : ડૉક્ટરસાહેબ ! શું લાગે છે ? હવે બહાર ફરવા ક્યારે નીકળી શકશે?

બાપુજી : તમે પણ ખરા છોને સ્વામીજી ! તમે ઘરમાં શરૂ કરતાં પહેલાં બહાર ફરવાની વાત કરવા માંડી !

ડૉક્ટર : મહેતા ! સ્વામીજી ખરું જ કહે છે. હવે તમને જલ્દી આરામ થઈ જશે.

બાપુજી : ડૉક્ટર! આજે કંઈ ખૂબ ખૂબ ખાવાનું મન થયું છે. આટલા દિવસે આજે પહેલીવાર મોઢામાં સ્વાદ આવ્યો છે.

ડૉક્ટર : જે ખાવું હોય તે ખાવ. હું તમને દવા આપું છું. એ પછી પી જજો. કોઈ વાંધો નહીં આવે, સમજ્યા? પણ દવા લેજો ખરા. હું જઉં ત્યારે? કોઈ ચિંતા કરવા જેવું નથી હોં રેખા! તારા બાપુજી હવે થોડા દિવસમાં જ તારી જોડે સાંજે ફરવા આવી શકશે. સ્વામીજી ! ચાલો ત્યારે હું રજા લઉં પણ જરા બહાર આવશો ?

સ્વામીજી : હા... હા... કેમ નહીં ? ચાલો....

ડૉક્ટર : મહેતા! સ્વામીજી જોડે બે મિનિટ વાત કરી લઉં બીજા રૂમમાં.

બાપુજી : ના ભાઈ ના.... મને શો વાંધો હોય ? તું તારે જે વાત કરવી હોય તે કરને ?! (બીજા રૂમમાં)

સ્વામીજી : બોલો ડૉક્ટરસાહેબ !

ડૉક્ટર : સ્વામીજી ! એક કામ કરવાનું છે.

સ્વામીજી : જરૂર, કેમ નહીં ? શક્ય હશે તો જરૂર કરીશ.

ડૉક્ટર : શક્ય છે જ. આજે સાંજ સુધી તમારે અહીં જ રહેવાનું છે.

સ્વામીજી : તમે પણ ડૉક્ટરસાહેબ કેવી વાત કરો છો ? એમ અહીં આખો દિવસ મારા જેવા સંન્યાસીથી રહેવાય ખરું? અને એય વગર કારણે....

ડૉક્ટર : કોઈ કારણ હશે ત્યારે જ કહું છુંને !! તમારે અહીં જ રોકાવાનું છે.

સ્વામીજી : પણ ડૉક્ટરસાહેબ એવું તે શું ....

ડૉક્ટર : સ્વામીજી ! મહેતાસાહેબનો હવે ભરોસો નથી. સાંજ કાઢે તો પણ નસીબ....

સ્વામીજી : અરે પણ તમે તો હમણાં જ કહ્યું ને કે એ થોડા વખત પછી બહાર ફરવા જઈ શકશે ?

ડૉક્ટર : એ પેશન્ટ જોડેની વાત હતી.

સ્વામીજી : અને તમે એમને જે ખાવું હોય તે ખાવાની છૂટ આપી તે ?

ડૉક્ટર : સ્વામીજી ! એ એમનો છેલ્લો અભરખો છે. દીપક બુઝાવાનો હોય ત્યારે વધુ પ્રકાશ આપે. એ તો તમને ખબર છે.

સ્વામીજી : પણ ડૉક્ટર ! એમાં હું.... હું શું કરી શકીશ ?

ડૉક્ટર : સ્વામીજી ! અત્યારે તમારી જ જરૂર છે. જે અત્યારે સ્થિર ચિત્તે વિચારી શકે તેને મારે આ વાત કહેવી જોઈએ અને મેં તમને વાત જણાવી મારી ડૉક્ટર તરીકેની ફરજ પૂરી કરી. હવે તમારી શરૂ થાય છે.

સ્વામીજી : પણ.... ડૉક્ટરસાહેબ! આ ઘરમાં હું કોણ? મારે... મારે આ ઘર જોડે શો સંબંધ ? તમારે યોગ્ય માણસને જણાવવું જોઈએ.

ડૉક્ટર : સ્વામીજી! મેં યોગ્ય માણસને જ જણાવ્યું છે. સ્વામીજી ! હું મારા પેશન્ટને કદી ભૂલતો નથી. પગની આંગળીનું ઑપરેશન તો યાદ છે ને? પણ વધુ વાતો હવે જવા દો. તમે અહીં જ રહેશો.

સ્વામીજી : પણ મારા ધર્મ પ્રમાણે....

ડૉક્ટર : તમારા ધર્મ પ્રમાણે પણ તમારાથી સ્વાર્થી ન બનાય. અસહાયને સહાય આપવી એ તમારી પહેલી ફરજ છે અને અત્યારે મહેતા અને રેખાને આ હાલતમાં મૂકીને જતા રહેવું યોગ્ય ન જ ગણાય અને હાં.... રેખાનો પ્રશ્ન પણ ઉકેલવાનો છે.
(રેખા આવે છે.)

રેખા : માફ કરજો ડૉક્ટરસાહેબ, વગર બોલાવે આવી પહોંચી છું પણ તમે કંઈ મારી વાત કરતા હતાને ?

ડૉક્ટર : અમારે એવું કાંઈ ખાનગી નથી રેખા ! આ સ્વામીજી આજે આખો દિવસ અહીં જ રોકાવાના છે અને એ મહાજ્ઞાની છે. તારા બધા જ પ્રશ્નોના એ સચોટ ઉત્તર આપી શકશે. એક વખત એ અહીંથી ગયા પછી તારા પ્રશ્નો વિશે મને કાંઈ પૂછીશ તો મારાથી કાંઈ નહીં થઈ શકે સમજી ?! (જરા મોટેથી) મહેતાસાહેબ ! સ્વામીજીને મેં રોક્યા છે. આજે આખો દિવસ અહીં જ રહેશે. હું જાઉં છું. સાંજે આવીશ. રેખા ! મેં શું કહ્યું તે યાદ છે ને....? જે પૂછવું હોય તે સ્વામીજીને પૂછી લેજે. ચાલો સ્વામીજી, હું જઉં, સાંજે મળીશું.

સ્વામીજી : જય સચ્ચિદાનંદ.

રેખા : સ્વામીજી ! ડૉક્ટરસાહેબ બહુ જબરા માણસ છે. તમને કેવા બાંધી લીધા ?!!

સ્વામીજી	:	હા, માઈ ! ડૉક્ટરસાહેબ બહુ જબરા છે. જબરા પાસે નિર્બળનું શું ગજું ?
રેખા	:	તમે નિર્બળ સ્વામીજી ? તમે તો મહાજ્ઞાની છો. હમણાં જ ડૉક્ટરસાહેબે ન કહ્યું ?
સ્વામીજી	:	માઈ ! ઘણીવાર જ્ઞાન જ માણસને ગૂંચવાડામાં નાખી દે છે.
રેખા	:	જ્ઞાન ગૂંચવી નાખે ખરું સ્વામીજી ?
સ્વામીજી	:	જ્ઞાન ગૂંચવી નાખે પણ તરત રસ્તો પણ બતાવે, જો સાચું જ્ઞાન હોય તો.
રેખા	:	જ્ઞાન સાચું અને ખોટું બંને જાતનું હોય ?
સ્વામીજી	:	માઈ ! ખોટું જ્ઞાન જડતા તરફ ખેંચે જ્યારે સાચું જ્ઞાન જડતાનું નિવારણ કરે. કોઈ પણ નિયમને જાણવો તે જ્ઞાન પણ નિયમને સમજ્યા વગર અમલમાં મૂકવો તે ખોટું જ્ઞાન. સમજીને અમલમાં મૂકવો તે સાચું જ્ઞાન.
રેખા	:	તો શું નિયમ તોડી પણ શકાય ?
સ્વામીજી	:	નિયમ હંમેશાં ન તોડાય. સંજોગો ઉપર તેનો આધાર છે અને નિયમ હંમેશાં સામાન્ય રીતે શું કરવું તે તરફ અંગુલિનિર્દેશ કરે છે. હોકાયંત્રમાં જે તરફ સોયની અણી હોય તે તરફ ધ્રુવની દિશા હોય, એ સામાન્ય નિયમ. પણ એ સોયની અણીની પાસે કોઈ મોટું લોહચુંબક લાવવામાં આવે તો શક્ય છે કે હોકાયંત્રની અણી સાચી ધ્રુવ દિશા ન પણ બતાવે. (ઘંટડી વાગે છે.)
રેખા	:	સ્વામીજી ! આપને મળવા કોઈ નિત્યાનંદ સ્વામી પધાર્યા છે.
સ્વામીજી	:	ચાલો હું આવ્યો....
રેખા	:	આપ બેસો, હું એમને અંદર બોલાવું છું. પધારો સ્વામી !
સ્વામીજી	:	જય સચ્ચિદાનંદ નિત્યાનંદજી !
નિત્યાનંદજી	:	આપ કો બહુત દેર હુઈ ઈસ લિયે મૈં આપ કી તલાશ કરને નિકલા. આપ કા હંમેશ કા સમય હો ગયા ફિર ભી.....
સ્વામીજી	:	નિત્યાનંદજી ! મુઝે યહાં થોડી દેર રુકના પડે ઐસા થા. ઈસ લિયે નહીં

આ સકા ઔર શ્યામ તક નહીં આ શકુંગા. આપ કષ્ટ મત કીજીયે. શામ કો મેં આ જાઉંગા.

નિત્યાનંદજી : જય સચ્ચિદાનંદ સ્વામીજી.

સ્વામીજી : જય સચ્ચિદાનંદ.

રેખા : સ્વામીજી ! આપ થોડીવાર રોકાઈ જાઓ તો.....

નિત્યાનંદજી : નહીં માઈ ! સબ મેરી રાહ દેખ રહે હૈં.

રેખા : જેવી આપની ઇચ્છા. નમસ્તે સ્વામીજી.

નિત્યાનંદજી : જય સચ્ચિદાનંદ.

(નિત્યાનંદ જાય છે.)

રેખા : સ્વામીજી ! સંન્યાસી લોકોની આટલી ચિંતા કરે ખરા ?!

સ્વામીજી : માઈ ! તમે જેમની જેમની પાસે રહેશો તેમને માટે તમને અને તમારે માટે એમને ચિંતા થયા જ કરવાની અને તેમાં કાંઈ ખોટું પણ નથી.

રેખા : પણ ચિંતા કરવી એ તો સંસારીનું કામ છે. સંન્યાસી ચિંતા કરે એ અસ્વાભાવિક નથી લાગતું ?

સ્વામીજી : સંસારી અને સંન્યાસી બંનેની ચિંતામાં ફેર હોય છે.

રેખા : સ્વામીજી ! આપને જો વાંધો ન હોય તો હું જરા ફોન કરી લઉં ?

સ્વામીજી : મને શો વાંધો હોય શકે માઈ !

(રેખા ફોન કરે છે.)

રેખા : એલાવ.... એલાવ.... અવિનાશ દેસાઈ છે ? હં.... અવિનાશ ! ડૉક્ટરસાહેબ હમણાં જ આવી ગયા અને એમણે કહ્યું છે કે કાંઈ ચિંતા કરવા જેવું નથી અને થોડા દિવસ પછી તો બહાર પણ ફરવા આવી શકશે. શું ? હા... હા.... સવારે જ્યારે તું આવ્યો હતો ત્યારે તો તબિયત ઘણી જ ખરાબ હતી. હા... અને અત્યારે ઘણી જ સરસ છે. તારા ગયા પછી તરત જ એક સ્વામીજી ઘરે પધાર્યા અને એમની જોડે વાત કરતાં કરતાં બાપુજીની તબિયત એકદમ સુધરી ગઈ. હા... ખરેખર ચમત્કાર જેવું જ છે. હા.... સ્વામીજી અહીં જ બેઠા છે અને સાંજ સુધી એમને જવાની ડૉક્ટરસાહેબે ના પાડી છે. શું?.... શું?.... એમને વાત કરું? પણ... પણ.... સારું... સારું.... હા... હા.... જરૂર જરૂર, બસ ત્યારે... આવજે.....

સ્વામીજી : માઈ ! સવારે જે ભાઈ આવ્યા હતા તે જ હતા નહીં ?!

રેખા : જી... જી... હા.... સ્વામીજી ! ચાલો હવે ભોજન કરી લઈએ. સ્વામીજી! મનુષ્યને શું સુખદુ:ખ ભોગવવા જ પડે છે ? એનાથી છુટકારો ન મળી શકે ?.....

સ્વામીજી : મળી શકે. પણ જેટલા કર્મ પ્રમાણે દુ:ખ લખ્યાં હોય તેટલાં તો અવશ્ય ભોગવવાં પડે છે.

રેખા : પણ ઈશ્વર એમાંથી છોડાવી શકેને ?

સ્વામીજી : ના. ઈશ્વર પણ છોડાવી ન શકે. કારણ કર્મનું ફળ તો મળવું જ જોઈએ. રામ, નલ, યુધિષ્ઠિર વગેરેને સહન કરવું જ પડ્યું હતું.

રેખા : તો પછી ઈશ્વર ઈશ્વર શેનો ? એ તો સર્વ શક્તિમાન છે અને જો એ છોડાવી ન શકે તો એ સર્વસક્તિમાન શેનો ? ઈશ્વર શેનો ?

સ્વામીજી : ઈશ્વર પ્રારબ્ધ કર્મનાં ફળના નિવારણમાં અસમર્થ છે એટલે ઈશ્વર, ઈશ્વર મટી જતો નથી. કારણ કે એ નિયમનો ઘડનાર પણ ઈશ્વર જ છે. સાધારણ માણસ પણ પોતે બનાવેલા નિયમોનો ભંગ નથી કરતો તો ઈશ્વર કેવી રીતે કરે ?

રેખા : સ્વામીજી ! તમે આ બધું કેવી રીતે જાણી શક્યા ?

સ્વામીજી : માઈ ! આ બધો આ 'પંચદશી'નો જ પ્રતાપ છે.

રેખા : શું એમાં સઘળું જ્ઞાન ભરેલું છે ?

સ્વામીજી : હા માઈ ! એ પથદર્શક છે. એ સાધ્ય નથી, સાધન છે.

રેખા : સ્વામીજી એક વાત પૂછું ?.....

સ્વામીજી : કેમ હજી પણ પૂછતાં સંકોચ થાય છે ? આટલાં પ્રશ્નો પૂછતાં સંકોચ ન ન થયો અને અત્યારે સંકોચ ?

રેખા : કોઈ કામ આપને યોગ્ય લાગે અને આપણા વડીલને યોગ્ય ન લાગે તો શું કરવું ?

સ્વામીજી : એ કામનાં મહત્ત્વ ઉપર આધાર રાખે છે.

રેખા : એમ સમજોને જીવન જેટલું જ એનું મહત્ત્વ છે તો ?.....

સ્વામીજી : તો વડીલને સમજાવવાનો પ્રયત્ન કરવો જોઈએ.

રેખા : અને વડીલ ન માને તો? .....

સ્વામીજી : માઈ ! વાંધો ન હોય તો એ શું કામ છે તે કહેશો !!

રેખા : સ્વામીજી ! તમે રહ્યા સંન્યાસી અને હું રહી સંસારી. મારી તો સંસારની જ બાબત હોયને !!

સ્વામીજી : લગ્ન વિશેની છે ?

રેખા : જી હા....

સ્વામીજી : બાપુજી ના પાડે છે ?

રેખા : જી હા.

સ્વામીજી : કારણ ?

રેખા : કારણ કે એ ગરીબ છે અને પ્રતિષ્ઠાવાળું કુટુંબ નથી.

સ્વામીજી : બસ એટલું જ?

રેખા : છોકરાને ઓરમાન મા છે અને બીજા નાનાં નાનાં પાંચ ભાઈ-બહેન છે.

સ્વામીજી : બીજું કાંઈ ?

રેખા : થોડા વખત ઉપર ન્યાતની સભાની મીટિંગમાં બાપુજી એમના પિતા જોડે ઝઘડી પડ્યા હતા.

સ્વામીજી : એટલે એમના પિતાને ત્યાં તમને મોકલવામાં એમને વાંધો છે, નહીં? એ ભાઈનું નામ જાણી શકું ?

રેખા : અવિનાશ દેસાઈ.

સ્વામીજી : એમના પિતાનું નામ ?

રેખા : કેયૂરચંદ્ર પ્રફુલરાય દેસાઈ

સ્વામીજી : પેલા વડીલજને જેમનો મોટો છોકરો ગૌરવ ડૂબીને....?

રેખા : હાજી. ગૌરવભાઈ તરતાં તરતાં ડૂબી ગયા હતા.

સ્વામીજી : માઈ ! કાંઈ ચિંતા ન કરશો. હું બાપુજીને સમજાવીશ.

રેખા : સ્વામીજી! તમે એમને બધાને ઓળખો છો ?

સ્વામીજી : શું કરું માઈ ! એ બધી વાતો જવા દો. તમારું કામ મોટે ભાગે હું કરી આપીશ.

બાપુજી : રેખા બેટા !!

રેખા : શું બાપુજી ?

બાપુજી : સ્વામીજીને મારી પાસે મોકલને જો એમણે જમી લીધું હોય તો.

સ્વામીજી : મેં તો ક્યારનું પતાવી દીધું. આ જરી માઈ જોડે વાતો કરતો હતો.

બાપુજી : રેખા બેટા ! તું હવે આરામ કર અને જતાં જતાં આ રૂમનું બારણું બંધ કરતી જજે.

રેખા : સારું બાપુજી ! પણ બારણું બંધ કરવાની શી જરૂર છે? હું અંદર નહીં આવું બસ.

બાપુજી : બેટા ! કેટલુંક જ્ઞાન ગુપ્ત રીતે જ મેળવવું પડે છે અને એ જ્ઞાન જો બીજાને કાને પડી જાય તો એ જ્ઞાન જ્ઞાન નથી રહેતું. કેમ ખરું છે ને સ્વામીજી.... ?

સ્વામીજી : આપ તો વડીલ છો અને જ્ઞાની પણ છો. હું એમાં શું કહું ?

બાપુજી : વડીલ અને જ્ઞાની એ બધું તો ઠીક મારા ભાઈ પણ રેખાબેટા ! તું બારણું બંધ કરી દે.

(થોડા વખત પછી)

સ્વામીજી : માઈ ! અવિનાશ દેસાઈને ફોન કરીને કહો કે બાપુજી એમને હમણાં જ બોલાવે છે.

રેખા : શું ? ... શું ?... કોને અવિનાશને બાપુજી.... ?

સ્વામીજી : હા... હા... અવિનાશ દેસાઈને. જેમની વાત તમે મને કરી હતી ને તેમને અહીં જલ્દી આવવાનું કહો.

રેખા : શું બાપુજીએ હા પાડી સ્વામીજી ?

સ્વામીજી : હા માઈ ! હવે તો ખુશ થઈ ગયાને ?! પણ પહેલાં ફોન કરો પછી આગળ વાત.

રેખા : હા... હા... હમણાં જ કરું છું.

(ફોન કરે છે.)

હેલો !! કોણ, અવિનાશ !! હા, તું હમણાં ને હમણાં ઘેર આવ. હા... હા... બાપુજીએ હા પાડી છે. હા... હા... હા... સ્વામીજીએ જ. પણ તું પહેલા અહીં તો આવ. ના... મને કંઈ ખબર નથી. ખરેખર, એમણે શી વાતચીત કરી, તે મને ખરેખર ખબર નથી. હું બીજા રૂમમાં હતી, પણ તું અહીં આવને... બસ વધુ રૂબરૂમાં.

પણ સ્વામીજી ! બાપુજીએ કેવી રીતે હા પાડી ?

સ્વામીજી : બાપુજીએ કહ્યું કે મને કોઈ વાંધો નથી. અવિનાશને બોલાવો એટલે મેં તમને કહ્યું.

રેખા : પણ એમણે તમને શું કહ્યું ?

સ્વામીજી : બધું પૂછવા જેવું નથી. એમણે રાજીખુશીથી હા પાડી છે. બસ એટલું તમે જાણો એ બહુ છે. તમારે તો કામ સાથે કામને !!

રેખા : જે કોઈ ન કરી શક્યું.... જે એમના મિત્ર ડૉક્ટરસાહેબ પણ ન કરી શક્યા તે તમે એકદમ....

સ્વામીજી : એ ઋણાનુબંધ માઈ બીજું શું? નહીં તો આમ થાય ખરું ?
(અવિનાશ આવે છે.)

અવિનાશ : નમસ્તે સ્વામીજી ! આપનો હું કેટલો આભાર માનું ? મને શબ્દો નથી જડતા... તમે અશક્યને શક્ય કરી બતાવ્યું.

રેખા : મેં તને સવારે નહોતું કહ્યું કે ચમત્કારિક સ્વામીજી છે.

સ્વામીજી : ભાઈ ચમત્કાર જેવું કાંઈ નથી. મારા હાથે તમારું નક્કી થવાનું હશે એટલે થયું. એમાં ચમત્કાર જેવું કાંઈ નથી. જાઓ, પહેલાં બાપુજીને પગે લાગી આવો.

રેખા : તમે પણ બાપુજીની પાસે આવોને સ્વામીજી!

સ્વામીજી : (હસતાં હસતાં) કેમ હજી બાપુજીનો ડર લાગે છે? બાપુજી બદલાઈ ગયા છે. જો જો.....
(અવિનાશ ને બધા બાપુજીના રૂમમાં જાય છે.)

બાપુજી : આવો અવિનાશ ! અરે એમાં પગે લાગવા જેવું શું છે? તમે બંને જણા ખૂબ ખૂબ સુખી થાઓ એ જ મારા તમને આશિષ છે. રેખા બેટા! સ્વામીજીને પગે લાગો. એમણે તો તમારું કામ કરી આપ્યું છે. આ વખતે તેં ખરો વકીલ શોધી કાઢ્યો.

સ્વામીજી : હું... હું... શું આશિષ આપું ?

બાપુજી : તમે તો વડીલ છો સ્વામીજી !

સ્વામીજી : વશિષ્ઠ અને અરુંધતીના જેવું તમારું જીવન પવિત્ર ને સુખમય બને એ જ પ્રભુને પ્રાર્થના માઈ !

રેખા : બાપુજી ! બાપુજી ! સ્વામીજી ! બાપુજી કેમ બોલતા નથી ?

સ્વામીજી : માઈ ! ધીરજ રાખો ! બાપુજીનું કર્તવ્ય પૂરું થયું.

રેખા : શું... શું... બાપુજી... બા... પુ....
(પોક મૂકીને રડે છે.)

સ્વામીજી : અવિનાશભાઈ ! માઈને બહાર લઈ જાઓ.

અવિનાશ : રેખા ! ચાલો હવે આપણે બહારના રૂમમાં....
(રડતાં રડતાં)

રેખા : પણ બાપુ આમ.....

અવિનાશ : આપણે શું કરી શકીએ ? તારે તો હિંમત રાખવી જોઈએ.

સ્વામીજી : માઈ ! તું હિંમત ગુમાવીશ તો બીજાનું શું થશે ? ચાલો ઊઠો. એમને પાણી આપો અને ભાઈ ! તમે એમને સાંત્વના આપો. હું બહારના રૂમમાં બેઠો છું.

અવિનાશ : સ્વામીજી બધી વ્યવસ્થા માટે.....

સ્વામીજી : ડૉક્ટરસાહેબને ફોન કરો અને તમારે ઘેર પણ ખબર આપો. જનાર વ્યક્તિ તો જતી રહી પણ પાછળ રહેનારે ધીરજથી કામ લીધા વિના છૂટકો જ નથી અને માઈ ! ઈશ્વર પાસે આપણું શું ચાલી શકે? અને ભાઈ અવિનાશ ! કદાચ ડૉક્ટરસાહેબ તો આવતા જ હશે. એમણે મને એટલે જ અહીં રોક્યો હતો.

રેખા : શું તમે જાણતા હતા સ્વામીજી ?

સ્વામીજી : હા માઈ! પણ શાંતિ રાખ્યા વગર છૂટકો જ ન હતો. સહેજ ચૂક થાત તો છબરડો વળી જાત !!!
(ઘંટડી વાગે છે.)

રેખા : પધારો સ્વામીજી !

નિત્યાનંદજી : જય સચ્ચિદાનંદ. અદ્વૈતાનંદજી હૈ?

રેખા : જી હા.

નિત્યાનંદજી : સ્વામીજી આપને તો આને કા કહા થા મગર અભી તક નહીં આયે ?!

સ્વામીજી : મૈં મજબૂર થા નિત્યાનંદજી.

નિત્યાનંદજી : અભી આતે હૈં મેરે સાથ યા....

સ્વામીજી : નહીં સ્વામીજી ! મૈં અભી નહીં આ શકુંગા ઔર મુઝે યહીં રહેના પડેગા.

નિત્યાનંદજી : સ્વામીજી ! આજ આપ યે ક્યા કહ રહે હૈ ?

સ્વામીજી : મૈં જો કુછ કહ રહા હૂં સચ કહ રહા હૂં.

નિત્યાનંદજી : ક્યા આપ ભૂલ ગયે હૈં કિ આપ સંન્યાસી હૈ ?

સ્વામીજી : નહીં નહીં. નિત્યાનંદજી બાત યહ હૈ કિ મેરે યહાં આને કે બાદ કુછ ઐસી બાત બન ગઈ હૈ કી મુઝે યહાં ઠહરના હી પડેગા.

નિત્યાનંદજી : ઔર કલ સુબહ તો હમેં જાના હૈ તો....

સ્વામીજી : મૈં તો કલ નહીં આ શકુંગા. મગર મેરી વજહ સે આપ મત રહીએ.

નિત્યાનંદજી : સ્વામીજી ! હમને સોચા થા કી આપ બડે જ્ઞાની હૈ મગર આજ આપ કા દિલ યહાં સે જાને કો નહીં ચાહતા. ક્યોં ? ક્યા વજહ હૈ ? કૌન સી બાત હૈ જો આપ કો યહાં સે જાને નહીં દેતી ? કૌન સી બાત હૈ જો આપ કો યહાં રહને કે લિયે સંન્યાસી ધર્મ કો તોડને કે લિયે મજબૂર કર રહી હૈ?

સ્વામીજી : નિત્યાનંદજી ! શાંત હો જાઈએ. મૈં સબ કુછ બતાને કો તૈયાર હૂં.

નિત્યાનંદજી : તો આપ બતાતે ક્યોં નહીં કિ આપ કો કૌન યહાં સે જાને નહીં દેતા?

સ્વામીજી : મેરી ફરજ.

નિત્યાનંદજી : ફરજ !!! કિસ કે લિયે ? ઈસ લડકી કે લિયે ?

સ્વામીજી : જી હાં.

નિત્યાનંદજી : મૈં પહલે સે હી સમજ ગયા થા. મૈં અબ જાતા હૂં. એક સંન્યાસી કી ફરજ એક યુવતી કે લિયે ક્યા હોતી હૈ વો જાનના મૈં નહીં ચાહતા. મૈં સબ કુછ સમજ ગયા હૂં. સ્વામીજી ! તુમ સ્વામીજી કે નામ કે ભી અધિકારી નહીં હો. મૈં યહાં એક પલ ભી ઠહરના નહીં ચાહતા. (જાય છે.)

સ્વામીજી : (બૂમ પાડે છે) નિત્યાનંદજી ! ઠહરો....

નિત્યાનંદજી : ક્યોં ? અબ ક્યા બાત રહ ગઈ હૈ? ઈસ સે આપ કા ક્યા રિશ્તા હોનેવાલા હૈ વહી બતાના ચાહતે હોના?

સ્વામીજી : નહીં, ક્યા રિશ્તા થા વો.

નિત્યાનંદજી : ક્યા રિશ્તા થા ?

સ્વામીજી : વો મેરી બહન થી.

નિત્યાનંદજી	:	ક્યા કહા ?
સ્વામીજી	:	નિત્યાનંદજી ! સુન લો વો મેરી પૂર્વાશ્રમમેં બહન થી ઔર આજ ઉનકે પિતાજી કી મૌત હુઈ હૈ. જો મેરે સંન્યાસી જીવન કે પૂર્વ મેરે ભી પિતા થે. ઈસ શરીર મેં અભી ઉનકા હી ખૂન દૌડ રહા હૈ. સુન લિયા ? અબ જા શકતે હો.
નિત્યાનંદજી	:	સ્વામીજી ક્ષમા કર દો. બહુત બડી ગલતફહમી હો ગઈ ! મુઝે ક્ષમા કર દો સ્વામીજી ! મૈં... મૈં... બહુત દિલગીર હૂં. ક્યા આપ મુઝે ક્ષમા નહીં કરોગે ?
સ્વામીજી	:	મૈં ક્ષમા કરનેવાલા કૌન? નિત્યાનંદજી ! ઊઠીયે. ક્ષમા કરનેવાલા તો ઈશ્વર હૈ. ગલતી આદમી હી કરતા હૈ ઔર દેખીએ મૈં ઈસ માઈ કી શાદી કરાને કે બાદ હી આ શકુંગા.
નિત્યાનંદજી	:	જૈસી આપ કી મરજી. જય સચ્ચિદાનંદ સ્વામીજી !
સ્વામીજી	:	જય સચ્ચિદાનંદ !
રેખા	:	સ્વામીજી ! તમે તો... તમે... સંસ્કારભાઈ...
સ્વામીજી	:	હા માઈ! પૂર્વાશ્રમમાં હું જ તમારો ભાઈ હતો. સંજોગોવશાત્ હું ચાલી નીકળ્યો અને આજે તમારી સામે અદ્વૈતાનંદ બનીને એ જ ભાઈ આવ્યો છે.
રેખા	:	પણ ભાઈ ! તમે અચાનક ઘર છોડીને કેમ જતા રહ્યા હતા ?
સ્વામીજી	:	માઈ ! એ ગઈગુજરી યાદ કરવાથી કોઈ ફાયદો નથી. આજે જ્યારે આટલું કહેવાઈ ગયું છે તો ટૂંકમાં તમને કહું તો તમારા જેવી જ મારી હકીકત બની હતી. મને પણ લગ્ન માટે બાપુજીએ ના પાડી હતી અને જ્યારે છોકરીના પિતા કહેંવા આવ્યા ત્યારે એમનું સખત અપમાન કરી એમને કાઢી મૂક્યા. પરિણામે એ પણ સખત ચિડાયા અને જિદમાં ને જિદમાં એમણે એમની દીકરીને બીજી કોઈ છોકરા જોડે પરણાવી દીધી. બસ, એ ઘટનાએ મારે માટે એક દરવાજો બંધ કરી બીજો ઉઘાડી આપ્યો.
રેખા	:	પણ બાપુજી તમને ઓળખી શક્યા હતા ?
સ્વામીજી	:	એમણે તથા ડૉક્ટરસાહેબે મને ઓળખી લીધો હતો અને એટલે જ મને તમારે માટે બાપુજીને વાત કરતાં સુગમતા પડી.
રેખા	:	એ કેવી રીતે ?

સ્વામીજી : મેં એમને કહ્યું કે તમારી જિદને પરિણામે હું તમારી સામે બેઠો છું. હવે રેખા માટે તમારો શો વિચાર છે ? બસ તરત જ એમણે હા પાડી દીધી.

રેખા : એમને ખબર પડી ગઈ હતી કે એ....

સ્વામીજી : હા માઈ ! એટલે જ એમણે તમારી સોંપણી મને કરી છે અને જ્યાં સુધી તમારાં લગ્ન ન થાય ત્યાં સુધી મારે અહીં રહેવાનું એમણે વચન લેવડાવ્યું છે.

રેખા : પણ ભાઈ ! તમે....

સ્વામીજી : ભાઈ નહીં, સ્વામીજી

(ઘંટડી વાગે છે. ફરી ઘંટડી વાગે છે. ફરી ઘંટડી વાગે છે.)

સ્વામીજી : ભાઈ અવિનાશ, જુઓ બધા આવી પહોંચ્યા. આ બધી ઋણાનુબંધની વાતો છે.

●

-: સાભાર સ્વીકાર :-

- 'અતીતમાં અન્વેષણ' (સંશોધન લેખો) : પ્રા. દિનકર દેસાઈ 'વિશ્વબંધુ', પ્રકાશક - પોતે, મુખ્ય વિક્રેતા : વસુંધરા પ્રકાશન, અમદાવાદ, કિંમત રૂા. ૨૦૦/-
- 'અતીતના ઓવારે' (નિબંધસંગ્રહ) : કેશુભાઈ પટેલ, ડિવાઈન પબ્લિકેશન, અમદાવાદ, કિંમત રૂા. ૧૦૦/-
- 'એ કેડીએ....' (હિન્દી નવલિકાઓનો અનુવાદ) : અનુ. જયંતી પ્રજાપતિ, પ્રકાશક : પોતે, વિશ્વકર્મા સોસાયટી, મહાવીરનગર, હિંમતનગર, કિંમત રૂા. ૨૦૦/-
- Gujarati Dalit Short Stories : Chandraben Shrimali, Translation : Atulkumar Parmar; Shanti Prakashan, 1780, Sector-1, Delhi By-Pass, rohtak-124001, Price : 350/-
- 'ચંદ્રા શ્રીમાળીની પ્રતિનિધિ વાર્તાઓ': સંપા. ડૉ. ધીરજ વણકર, ચંદ્રાબહેન શ્રીમાળી, બુકશેલ્ફ, નવરંગપુરા, અમદાવાદ, રૂા. ૨૩૦/-
- 'પિંડથી બ્રહ્માંડ' (કાવ્યસંગ્રહ) : હાર્દિક વ્યાસ, ડિવાઈન પબ્લિકેશન, અમદાવાદ; કિં. રૂા. ૧૫૦/-
- 'હથેળીમાં કૂંપળ' (તાન્કા સંગ્રહ) : ઉમેશ જોશી, ગુજરાત પુસ્તક પરબ, મુંજ-મહુડા રોડ, વડોદરા, કિંમત રૂા. ૯૦/-

ભગવાનદાસ પટેલ સંપાદિત અરવલ્લીના ડુંગરીભીલ આદિવાસીઓના લોકસાહિત્યની વારતાઓ

– ડૉ. મોહનભાઈ જે. ચાવડા

આદિવાસી લોકસાહિત્ય એટલે Tribal Folk Leterature વાણીના માધ્યમથી Lore ના રૂપમાં જ પરંપરામાં કહેવતો, કથાઓ, ગીતો વગેરે માટે ગુજરાતીમાં લોકસાહિત્ય શબ્દ પ્રચલિત બન્યો. ગુજરાતમાં વસતી ૨૫ જેટલી આદિવાસી જાતિઓ છે. તેમના કંઠપરંપરાના સાહિત્યને કેટલાક સંશોધક–સંપાદકોએ દસ્તાવેજીકરણના રૂપે તે જ ભાષા / બોલીમાં સંપાદિત કરીને આપણી સમક્ષ મૂકી આપ્યું છે. આદિવાસી લોકસાહિત્ય પોતાના જુદા જ જીવનસંદર્ભનો ભાગ હોઈ તેમની અલગ અને આગવી એક ઓળખાણ છે–નિરૂપણ છે. ઉત્તર ગુજરાતનો સાબરકાંઠા ખેડબ્રહ્માનો ભૌગોલિક ભાષાગત અને લોકસાહિત્ય ધરબીને બેઠેલા આ મૂલકનો સંબંધ-નોળવેલ રાજસ્થાન સાથે છે. આ લોકસાહિત્યનું મૂળ રાજસ્થાનમાં હોય તેમ લાગે છે. ડુંગરી ભીલ આદિવાસીઓ મૂળતઃ દાંતા, અંબાજી, હડાદ, પોશીના, આંબાડુંગર, અમીરગઢ, વીરમપુર, ખેડબ્રહ્મા, ભિલોડા, સલાણી વગેરે વિસ્તારોના ડુંગરાઓમાં વસતી આદિવાસી જાતિ છે. મૂળ પોતે રાજસ્થાની રાજવંશી હોવાનું જણાવે છે. આ ડુંગરી ગરાસિયાઓના દેહગત લક્ષણો, ભાષા, પહેરવેશ, રીતભાત, ખાનપાન, વિધિવિધાનો, દિલેરી, વારતાઓ, ગીતો, મેળાઓ, ઉત્સવો, માન્યતાઓ, વગેરે ખૂબ જ સંયોજાઈને સંયુક્ત રચનાઓમાં વ્યક્ત થયેલા લાગે છે.

ડૉ. કે. કા. શાસ્ત્રી દર્શાવે છે તેમ કે તોલોમીએ જેમને 'સુરિઅસ' તરીકે ઓળખાવ્યા તે જ શબર જાતિ છે. આ જાતિ ગુજરાતના ઉત્તરના પ્રદેશોમાં સ્થિર થયેલી. પાછળથી તે બનાસકાંઠા અને સાબરકાંઠાની વન્ય જાતિઓમાં ભળી ગયેલી. ગુજરાતમાં ડુંગરી ભીલ આદિવાસીઓ આ રીતે જોતાં પ્રાચીનતમ આદિવાસી જાતિ ગણી શકાય. ખેડબ્રહ્મા, બનાસકાંઠા, સાબરકાંઠા વિસ્તારમાં રહેતી આ ડુંગરી ભીલ જાતિને 'સોખલા ગરાસિયા' નામે પણ ઓળખાવાય છે. આ જાતિના ધાર્મિક, સામાજિક, સાંસ્કૃતિક ગીતો, વારતાઓ, સાહિત્યનું સંપાદન ગુજરાતક્ષેત્રે શ્રી વીરચંદભાઈ પંચાલ, શ્રી નવજી ડાભી અને શ્રી ભગવાનદાસ પટેલ જેવા વિદ્વાનોએ કરી આપ્યું છે. આ આદિવાસી ગરાસિયા જાતિની બોલીની લાક્ષણિકતાઓ તેમજ આ ડુંગરી ભીલોની કંઠસ્થ પરંપરાને સાહિત્યમાં ઉતારવાનાં-

મૂકવાનો પ્રયત્ન આ સંશોધકોએ કર્યો છે. તેમનું આ સાહિત્ય તેમનું પ્રજાકીય જીવન છે. આપણે મન દંતકથા એમને મન ઈતિહાસ, આપણે મન મિથ એમને મન વિત્ત, વિજ્ઞાન, આપણે મન કેવળ વારતા તેમને મન લોકડહાપણ એવી એમની આ જણસોને, લોકસાહિત્યને શાબ્દિક દેહ આપવાનું કાર્ય સંપાદકોએ કર્યું છે.

શ્રી ભગવાનદાસ પટેલ આદિવાસી સાહિત્યના મરમી-ધરમી-જાણકાર, અધિકારી વિદ્વાન છે. તેમણે ઉત્તર ગુજરાતમાં વસતા ડુંગરી ભીલ આદિવાસીઓની કથાઓ કેવા પ્રકારના ધાર્મિક અને સામાજિક વાતાવરણમાં, કેવી કથનપદ્ધતિથી કહેવાય છે, સ્વરૂપથી બંધાય છે તેનો વિસ્તૃત પરિચય આપણને કરાવ્યો છે. આઝાદી પહેલાં 'નાની મારવાડ', 'આનર્ત' નામે ઓળખાતા આ પ્રદેશમાં અરવલ્લીના પહાડની હારમાળાઓ આવેલી છે. આ ડુંગરીઓની તળેટીમાં 'ભીલો'નું એક પ્રજાજૂથ વસે છે. બનાસ, સાબરના પાણી પીને મોટી થયેલી આ ડુંગરી ગરાસિયા ભીલ જાતિ સેંકડો વર્ષોથી પોતાની વિશેષ સંસ્કૃતિ ધરાવે છે. તેમના મૌખિક અને કંઠસ્થ પરંપરાના સાહિત્યમાં કેટલાંય સ્વરૂપો જોવા મળે છે, જેવા કે, ભજન-વારતા, અરેલા, ઢોંણી, બેઠોર ગીતો, વાત, કથા, વઈ, સવઅમિયાનાં ગીતો, નવ લાખ દેવીઓના ગીતો વગેરે. આ પ્રજા ઋતુચક્ર પ્રમાણે પોતાના ગીતો ગાતા હોય છે. તેમની કથનશૈલી ભજન કે વારતારૂપે કે નૃત્ય સાથે કે સમૂહ નૃત્ય સાથે કહેવાની હોય છે. ભાદરવા માસમાં તંબૂર અને મંજીરા સાથે ગવાતી ભજનવારતાઓ તેમનો સમૃદ્ધ કંઠસ્થ વારસો છે. આવી વારતાઓમાં 'ધરણી અને મનખા અવતાર', નવ લાખ દેવીઓ, સવઅમિયા, સદણ રાઝા, સતિયો ખાતુ, હાલદે દોળંગી જેવી ટૂંકી લોકવારતાઓ અને 'રોમસીતમાની વારતા', 'પૉડવ કોરવની વારતા', 'હરસન રાઝા', 'અરણાક્સ', 'ગોપીચંદ', 'રાઠોર વારતા' જેવી લોકમહાકાવ્યની પરંપરા ધરાવતી લાંબી વારતાઓ તંબૂર સ્વરો સાથે ગવાય છે. આ વાર્તાઓ 'બીજ' અને 'કોળી' જેવા ધાર્મિક અનુષ્ઠાનો 'હૂરા' અને 'હમાધ' જેવા સામાજિક પ્રસંગોને ટાંકણે કહેવાતી-ગવાતી હોવાથી તે પ્રસંગો પણ ઓજસપૂર્ણ બને છે. વારતાઓમાં પ્રસંગો જેમ જેમ આગળ વધે તેમ તેમ બાણિયા, હૉંકારિયા અને શ્રોતાઓ વારતા રસમાં વધુ ને વધુ લીન બને છે. કેટલીક ભજન વારતાઓ મહાકાવ્ય જેટલી દીર્ઘ પણ હોય છે. સાધુ વારતાનો આરંભ કરતાં પહેલાં 'નેખલા'ની મદદથી દ્રુતગતિએ તંબૂરના તાર ઝણઝણાવે છે અને પછી વારતાનો આરંભ કરે છે. આ વારતાઓમાં પ્રદેશવિશેષ તેમજ આસ્થા, દિવ્યકાળ, સતયુગ વગેરેને વણી લઈ શ્રોતાઓને પ્રગાઢ શાંતિમાં લઈ જાય છે. વારતા કે પ્રસંગની સમાપ્તિ પછી શ્રોતાઓને વારતા કે પ્રસંગ સાંભળવામાં રસ પડયો હોય તો સાધુ 'ખમા' શબ્દ પણ બોલે છે. બીજ જેવા

દાર્મિક અનુષ્ઠાન સમયે લોકસમુદાયનો ખ્યાલ રાખી સાધુ નૃત્ય, સંગીત, વેશ અને ધાર્મિક વાતાવરણતી સભર કથાવારતા વધુ પસંદ કરે છે. આ ભીલ આદિવાસીઓમાં વેર લેવાની પરંપરિત સામાજિક પ્રણાલી હોવાના કારણે તેમની જિવાતી જીવનરીતિની વારતાઓ પણ કહેવાય કે, જેવી કે; હૂરાની વારતા વગેરે આસો માસમાં 'હમાધ' ઓસદેવની ભજનવારતા કહેવાય છે. જેમાં સમાધિ દેરીની રચના કરાય છે અને વરસાદના દિવસો પૂરા થયા પછી આસો માસથી હમાધ પઢાય છે. દિવાળીના દિવસોમાં આ વિસ્તારમાં અરેલા કહેવાય છે. સામાન્ય રીતે અરેલા ગાવા માટે રાતના નવરાસનો સમય ખાસ પસંદ કરાય છે. આ ઉપરાંત વઈ, મોલ્લા, રાહરા, ટગઠિયું, વાંણ, ડાકણના રાહરા, કોબરિયા ઠાકોરની કોળી, ભજનવારતાઓ, બેઠોર ગીતો વગેરે જેવી લોકસાહિત્યની સંપદા આ ડુંગરી ભીલ ગરાસિયા પ્રદેશમાં સચવાલેયી પડી છે. જેને ઉજાગર કરવાનું, લોકસમૂહ સામે લાવવાનું કાર્ય શ્રી ભગવાનદાસ પટેલે કર્યું છે. માત્ર માહિતી નહિ આ આદિવાસી મૂલકમાં આદિવાસી બનીને, પરંપરા, સાહિત્ય, લોકજીવનને માણી-નાણી ઓતપ્રોત બનીને તેમણે આ વિસ્તારના સાહિત્યને પોતીકું બનાવ્યું છે. તેમણે આ વિસ્તારની લોકબોલીને ઝીલીને, આત્મસાત્ કરીને પછી જ તેનું સંપાદન કર્યુ છે. તેમના પોતાના શબ્દોમાં કહીએ તો આ લોકસાહિત્યની જણસને સાચવવા આર્થિક મોભો ખોવો પડે તો પણ મને ગમે છે. તેમણે આ વિસ્તારના લોકસાહિત્યના 'લીલા મોરિયા', 'ફૂલરાંની લાડી', 'અરવલ્લી પહાડની આસ્થા', 'દેવયાવાળાના અરેલા', 'અરવલ્લી લોકની વહીવાતો', 'ખેડબ્રહ્મા તાલુકાની પ્રાગૈતિહાસિક સંસ્કૃતિ', 'રાઠોરવારતા', 'ડુંગરી ભીલ આદિવાસીઓ', 'ડુંગરી ભીલોનો : ગુજરાંનો અરેલો', 'તોળી રોણીની વારતા', 'ભીલ લોકોત્સવ : ગોર', 'રૉમ-સીતામાની વારતા', 'ભીલોનાં હગ અને વતામણાં', 'ભીલોનું ભારથ', 'ભીલ કથાગીત હોનોલહારે', 'ખૂંતાનો રાજવી અને દેવોલ ગુજરણ', 'ઢોલા મારુણી', 'રૂપાં રોણીની વારતા', 'પિયાદે હોખલી', 'ભીલ ગીત સંપદા', 'આદિવાસી ઓળખ', 'લાલુ અરિદા', 'ગોપીચંદ ભરથરીની વારતા', 'આદિવાસી જાનપદ અને શિષ્ટ મહાકાવ્યોમાં નારી', 'મોતીચરાની વારતા', 'શોધસંપદા', 'લોકયાત્રા' અને 'ભીલોનાં ધાર્મિક ગીતો' નામે ત્રીસ જેટલાં સંપાદનો તેમણે આપ્યાં છે, જે તેમની આદિવાસી લોકસાહિત્ય અને પરંપરાની ઓળખ સમાં બની રહ્યાં છે.

ભગવાનદાસ પટેલ દ્વારા ડુંગરી ભીલ આદિવાસીઓમાં કહેવાતી વારતાઓનાં સંપાદનો પણ મળે છે જેમાં ભીલ લોકમહાકાવ્ય :- 'રાઠોર વારતા', 'ભોળીરોણીની વારતા', 'રૉમસીતમાની વારતા', 'રૂપાંરોણીની વારતા', 'લાલુ અરિદા', 'ગોપીચંદ

ભરથરીની વારતા', 'મોતીચરાની વારતા' મુખ્ય છે. આ ઉપરાંત પણ તેમણે ભીલીકથાઓ પણ સંપાદિત કરી આપેલી છે. જેમાં 'ઢોલા મારુણી', 'પિયાદે હોખલી', 'ખૂંતાનો રાજવી' અને 'દેવોલ ગુજરણ', 'હોનોલ હાટી' અને 'અરવલ્લીલોકની વહીવાતો' વગેરે.

● રાઠોર વારતા (૧૯૯૨) ભીલ લોકમહાકાવ્ય

શ્રી ભગવાનદાસ આ વાર્તાનું સંપાદન ૧૯૯૨માં કરે છે. આ પુસ્તકની ભૂમિકામાં સંપાદક લખે છે કે રાજસ્થાની પાબૂજી કથાનું આ ભીલીરૂપ એ અધૂરપને દૂર કરે છે કે કેટલીક મથામણો, વિઘ્નો, આડખીલીઓ, પછી વૃક્ષને બદલે ચેવટે આ પાંદડું તો મળ્યું છે. ભીલ સમાજની આ કથા ભીલ લોકમહાકાવ્યનો આદર્શ નમૂનો છે. ભીલી સમાજની આ કથા પણ ખૂનનો બદલો લીધા પછી મૃતકનાં સ્મૃતિસ્થાને વૈરીના વધથી પ્રાપ્ત થયેલું રક્ત ચડાવાય અને સમાધિ રચાય ત્યારે જ રજૂ થાય." આવી ઉત્તમ કથાને લિખિત રૂપ ભગવાનદાસે આપી ચમત્કાર સર્જ્યો છે.

વારતા તંબૂર સાથે જ આ સમાજમાં કહેવાય છે. કથાનું મૂળ તો રાજસ્થાનમાં જ છે. જયચંદ રાઠોડ દેશદ્રોહી મુસ્લિમોનો મિત્ર અને રાજપૂત સત્તાના વિનાશનું કારણ. ત્યારબાદ તેના વંશજો મૂળ ભૂમિથી ખદેડાયા. તેણે ગંગામાં આપઘાત કર્યો. એના પુત્રો સેહારાજી - શિયાજી એ કનોજ છોડી મારવાડમાં પાલી ગામમાં વસવાટ કર્યો. રાજ્ય સ્થાપી રાઠોડ વંશજમાં તેની ત્રીજી પેઢીએ રાઠોડ પાબુજી થાય છે. તેની આ કથા આ મુલકમાં વારતા કહેવાય છે. પાબૂજી રાજા બનતાં જ પિતાનું જેની સાથે વેર હતું તે ખીંચીને પોતાની બહેન પરણાવી વેરનો અંત લાવવા પ્રયત્ન કર્યો. આ વારતામાં આગળ દેવલ નામની ચારણ તેની પાસે રહેલી કાળવી ઘોડી અને તેના ઉપર જીંદરાવની નજર દેવલ પાબુજીની ધર્મની બહેન હતી. ઘોડી ભાઈને આપતાં જીંદરાવ ગુસ્સે થયો અને સાળા સાથે વેર ઊભું ન કરી શકે એટલે લાચાર બનતાં કંઈ ન કરી શક્યો. આ બાજુ પાબુજી ઉદાર, વીર અને દીર્ઘદષ્ટિવાળો હતો. તેણે ચાંદોજી ભીલ, કોળી, સોઢા, રાજપૂત, જત અને ગરાસિયાઓને પોતાના મિત્ર બનાવ્યા તેથી જીંદરાવ ખીંચી તેને મારી શકે તેમ નહોતો. પાબુજીનાં લગ્ન ઉમરકોટની સોઢા રાજપૂતાણી ફૂલકુંવરી સાથે ગોઠવાયાં. આ સમયે વેરનો ડંખ રાખી જીંદરાવે દેવલ ચારણીના ગૌધણને વાળ્યું. આ સમાચાર સાંભળી ચાંદોજી અને પાબુજીએ બહેનનાં ધણ છોડાવ્યાં, જીંદરાવને જીવતો જવા દીધો પણ ખીંચી એ મોકો જોઈને દગાથી પબુજીનો વધ કર્યો. પબુજીના પુત્રે આનું વેર વાળ્યું.

આમે મૂળ તો આ દંતકથા છે પણ તેમાં કેટલીક ઐતિહાસિક વિગતો પણ છે. કાળક્રમે પાબુજી ડુંગરી ભીલોના લોકદેવ બન્યા અને આ સમૂહની વિવિધ જાતિઓ,

ભોપા-ભોપીઓ, પાબુજીની આ કથાને પરાક્રમગાથા તરીકે લઈ વારતામાં સંથોજી દેવસ્થાને સ્થાપી તેની વારતાઓ કહેવા લાગ્યા. રાજસ્થાન-મારવાડમાં આજે પણ અનેક સ્થળે આ પાબુજીના સ્થાનકો છે. વિશેષ તો માલધારીઓના તે લોકદેવ છે. 'ધ ઍપિક ઑફ પાબુજી' નામે જે. જી. સ્મિથનો એક અભ્યાસ આપણને મળે છે. ભગવાનદાસ પટેલે પણ આ રાજસ્થાની કથાનું ભીલી રૂપાન્તર 'રાઠોર વારતા' નામે કર્યુ છે.

ચાંદોજી ભીલ, દેવલ ચારણ, પાબુજી ઠાકોર જુદી જુદી જાતિના હોવા છતાં તેઓ આ ભીલોમાં લોકદેવ તરીકે પૂજાય છે. આજે પણ દુષ્કાળ પડ્યો હોય કે અન્ય બાબત હોય પણ પશુધનને જો ઉગારવું હોય તો આ વારતા કહેવાય છે. ભીલોમાં તો કોઈ ભીલનું ખૂન થાય કે એના ગોત્રની કોઈ મહત્ત્વની વ્યક્તિનું ખૂન કરીને બદલો લેવાય તો પણ આ વારતાનું ગાન થાય છે. આદિવાસી સાહિત્ય, લોકાસહિત્યમાં કંઠસ્થ પરંપરાએ આ વારતા પોતાનું મહત્ત્વનું સ્થાન જાળવી રાખ્યું છે. આ વારતા અત્યંત રોચક, મોહક, ચુસ્ત, વીરરસને, કથારસને ઉત્તેજે પોષે તેવી છે. ભોળાભાવના આદિવાસીઓ કથાના નાયકને લોકદેવ માને છે. ૧૯૮૭માં ખેડબ્રહ્માના ખેડવા ગામમાં રહેતા નાથાભાઈ ગમાર પાસે ૧ વર્ષ રહીને ભગવાનદાસે ૪૫ કેસેટમાં આ કથાનું-વારતાનું ધ્વનિમુદ્રણ કર્યું છે. આ વારતા કયા સમયે, કેવી રીતે, કેવા પ્રસંગે અને કોણ કહે છે, તેના સામાજિક સંદર્ભો કયા છે, 'હૂરો' એટલે શું, કેમ સ્થપાય છે, તેની વિધિ શું છે વગેરેની સંપૂર્ણ માહિતી ભગવાનદાસે આપી છે. ૧૯૯૨માં આ વારતાની સંપાદિત આવૃત્તિ ધ્વનિમાંથી મુદ્રિત બનેલી છે.

આ વારતા મૂળે તો ભીલી કંઠસ્થ પરંપરાની દેણ છે. મુખ્ય કથાની સાથે સાથે ગૌણ કથાઓ, વારતાઓ, વીરરસના પ્રસંગો વગેરે અહીં આવતા રહે છે, જે વાર્તારસને પોષક બને છે. ડુંગરી ગરાસિયા ભીલી બોલીની આ વારતા ગેય પદ્યની સાંકળ છે. આદિવાસી કથાસાહિત્યનું લોકમહાકાવ્ય કહી શકાય તેટલી સંપદા તેની પાસે છે. આ સંપાદન ભીલી ડુંગરી ગરાસિયા બોલીમાં હોવાથી તેના શબ્દો અને અર્થોને સમજવા માટે સંપાદકે સંપાદનના અંતે શબ્દાર્થ સૂચિ પણ આપી છે. આમ ભગવાનદાસ સંપાદિત 'રાઠોડ વારતા' ડુંગરી ભીલોની લોક-બોલીની લાક્ષણિકતા ધરાવતી ઉન્નત શૃંગ જેવી વારતા છે.

● લાલુ અરદિા (૨૦૦૩)

૨૦૦૩માં સંપાદિત - પ્રકાશિત થયેલ આ ભીલ ભજન વારતા અરિદા માલવાસ ગામના ગમાર ગુજરાભાઈ તથા નવામોટા ગામના ગમાર વજાભાઈ પાસેથી સાંભળીને સંપાદકે પ્રકાશિત કરી છે. આ વારતાનો ગદ્ય-પદ્ય મિશ્રિત મૂળ પાઠ ભીલી બોલીનો છે.

સંપાદક શ્રી ભગવાનદાસે તેને ગુજરાતી ગદ્યમાં રૂપાંતરિત કરી મૂળ પાઠ સાથે મૂકી આપી છે. ભીલી બોલી અને આ વારતામાં આવતા શબ્દો અને તેના અર્થોની પણ તેમણે સૂચિ મૂકી આપી છે.

આસો માસમાં ગામનો મુખી, આગેવાન, સાધુ જેવા કે ભોપો વગેરે કથનપદ્ધતિએ આ વારતા કહેતા હોય છે. આ વિસ્તારના ભીલ આદિવાસીઓમાં વેર લેવાની પરંપરિત સામાજિક પ્રણાલી છે. આ પ્રથા તેમની આજની જિવાતી જીવનરીતિ સાથે અવિનાભાવે જોડાયેલી છે. આ ભાવનાને પ્રગટ કરતી તેમની એક કહેવત છે કે 'પીલાનું વેર એંતોઈએ ને ખાય' મતલબ ભીલોનું વેર ઊધઈ પણ ન ખાય. મારેલા સ્વજનનું વેર લીધા પછી જ મનને શાંતિ મળે. ખૂન જેવા અપમૃત્યુની પાછળ હુરો મંડાય તેમ કોઈ સાધુને દફનાવીને એની સમાધિ પણ રચાય. આ સાધુની સમાધિ ચોમાસા સિવાયની ઋતુઓમાં રવિ, સોમ કે શનિવારે પઢાય છે.

'લાલુ અરિદા'માં મળતી વારતા-કથા પ્રમાણે મૃત્યુ પછીના જીવની ગતિ જે વાસના છે અથવા વાસના રહી જતાં જે અવગતિ થાય છે એ અધૂરી વાસનાની તૃપ્તિ માટે વિધિ કરાવી સદ્‌ગતિ થાય તે માટેની વારતા અહીં મૂકાઈ છે. તિબેટ, અરુણાચલ, લદ્દાખ જેવા પ્રદેશમાં તે જાતિના લોકો વિશિષ્ટ પ્રકારની વિધિ સદ્‌ગતિ માટે કરે છે તેવી જ અને કદાચ તેનાથી પણ અલૌકિક વિધિઓ, મંત્રો ભીલી ગરાસિયા કહે છે. આ વારતા તેનું ઉત્તમ ઉદાહરણ છે.

● રૂપાંરોણીની વારતા

બીજમાર્ગી પાટઉપાસના અને નિજારપંથના અલખધણીનો પાટ બીજના દિવસે મંડાય છે. વાયક છોડાય છે અને તે દિવસે ભજનો ગવાય છે તેવી ગ્રામીણ સમાજની રૂપાંદે-માલદે ભક્ત બેલડીની કથાની અડોઅડ ઊભી રહે તેવી રૂપાંરોણીની વારતા ભગવાનદાસે ૨૦૦૨માં સંપાદિત કરેલી. આ કથાનો સંપાદિત મૂળપાઠ, એનો ગદ્યસાર, તેમજ સંસ્કૃતિના સંઘર્ષ-સમન્વયની ભૂમિકા સંપાદકે મૂકી આપી છે. બીજવાટ માર્ગ, ઉપાસના તથા રૂપાંદે-માલદેનું કથન તથા તેમની વાણી પદ્યવારતા રૂપે ભીલી બોલીમાંથી સંપાદિત કરીને આપી છે. ગ્રામીણ કથાના અનેક લુપ્ત અંશો આ આદિવાસી કંઠપરંપરાની વારતામાં મળે છે.

● તોળી રોણીની વારતા (૧૯૯૩)

તળ ધરતીના સાધક-ઉપાસકો તથા ભજનિકો સુધી પહોંચીને એના જેવા જ થઈને એની વચ્ચે ધૂણી ધખાવીને, રાતોની રાતો ભજનમંડળીઓ, ભોપાઓ, સાધુઓ

વચ્ચે ઉજાગરા કરીને, ભજનોના મર્મને પકડીને એ પ્રજાના હૈયામાં સંઘરાયેલી આ ગુપ્તવાણીને બહાર કાઢવી અતિ કપરું કાર્ય છે. આ કામ કપરું હોવા છતાંયે આંગળીના વેઢે ગણી શકાય તેવા સંશોધકોમાં-સંપાદકોએ કર્યું છે. એમાંનું એક નામ ભગવાનદાસ પટેલનું પણ છે. ગાંઠનું ગોપીચંદન ઘસીને એમણે આ વિષયમાં સંશોધન કર્યુ છે. 'તોળી રૉણીની વારતા' સંપાદન તેનું ઉત્તમ ઉદાહરણ છે.

તોળી રાણી વિશે મુખ્ય ધારાના સાહિત્યમાં નિરંજન રાજ્યગુરુના સંપાદિત ગ્રંથ 'બીજમાર્ગી પાટઉપાસના'માં તોળી અને જેસલની વાત આવે છે. અલખધણીની પાટપૂજા અને આદિવાસી સમાજમાં થતી પાટપૂજા મહાપંથી બીજમાર્ગી સંતો જેસલતોરલની વારતા આદિવાસી ભીલોમાં મળે છે. કચ્છની આ સંત કવયિત્રીનું ચરિત્ર જુદા જુદા ગ્રંથોમાં મળે છે. તોરલ સતી છે સાંસનિયો અને જેસલનો તે ઉદ્ધાર કરે છે. મહાપંથી આ નારીની કથા વર્ણવતાં અનેક ભજનો-વારતા આપણને મળે છે.

જેમ કે;

તોળીરાણી કહે છે તેમ
સાંભળવો જાડેજા હોજી...
સત રે વણજું જુગ ચાર રે,
જૂનો જૂનો ધરમ તમે સનાતન જાણો રી તોરલ

ભગવાનદાસ સંપાદિત 'તોળી રૉણીની વારતા' પુસ્તક ૧૯૯૩માં પ્રગટ થયું છે. આ વારતા ભગવાનદાસે ખેડબ્રહ્માથી ૨૪ કિ.મી. દૂર આવેલા નવા મોટા ગામના ગમાર વજાભાઈ પાસેથી તેમના કંઠેજ ધ્વનિમુદ્રિત કરેલી જે પુસ્તક રૂપે પ્રકાશિત થઈ. આ વારતા ભીલી કથાકથન શૈલીમાં છે. ભજન ગાતાં ગાતાં વાર્તા કહેવાય બાણિયા, હોંકારિયા, સાધુ, લોકસમુદાય રામથી ભજન કથનાત્મક સ્વરૂપે વાર્તા કહે. મુખ્ય વારતા સાધુ જ કહેતો હોય. આ વારતામાં ભીલ આદિવાસીઓની સંસ્કૃતિ અને બીજ પાટઉપાસના નિમિત્તે તોળીરૉણીની કથા કહીને ધાર્મિક વાતાવરણ ઊભું કરવાનું છે. બીજમાર્ગી પાટઉપાસનામાં બીજના દિવસે વાયક આપી પાટ માંડી ભજન વારતા સાથે સતી તોળીની કથા-વારતા કહેવાય છે. કારણ તોરલ બીજ માર્ગી પાટઉપાસનાના મુખ્ય સતી છે. જેસલ-તોરલના ભજનો મળે છે તેમ આ ભીલી સમાજમાં ભીલી બોલીમાં આદિવાસીસ્રોતની કથા મળે છે. ગ્રામીણ કંઠપરંપરાથી આ કથા ક્યાંક જુદી પણ પડે છે, તો ક્યાંક ગ્રામીણ કથામાં ખૂટતી કડીઓ આમાંથી મળે છે. જેસલ-તોરલની કથાની અને ભીલીબોલીમાં વણાયેલી આ વારતા બીજ પાટઉપાસના અભ્યાસનો મહત્ત્વનો આદિવાસી સંપાદનગ્રંથ છે.

મેલાંમા બૂડકો ઓઈયો રે પૉણ રૉણી
મેલાંમાં ભૂડકો ઓઈયો રે પૉણ.
મેલે'રે નોરિન પરિયા ઝાવા લાગિયાં રૉણી.

આમ બીજના ખાસ પ્રકારના ધાર્મિક વાતાવરણથી વશીભૂત થયેલો આદિવાસી સમુદાય સાધુ સાથે પરંપરિત રીતે પોતાના માનસમાં પડેલી તોળી રૉણીની વારતા સાંભળતો હોય છે.

● રૉમ સીતમાની વારતા (૧૯૯૫)

૧૯૯૫માં પ્રકાશિત થયેલ આ વારતા ભીલી પરંપરાનું લોકાખ્યાન છે. 'રૉમ સીતમાની વારતા' રામકથાનું કંઠસ્થ પરંપરાનું મહત્ત્વનું આખ્યાન (વારતા) છે. અન્ય આદિવાસી જાતિઓમાં પણ આની કથા પ્રાપ્ત થાય છે પણ ભીલી લોકબોલીમાં કહેવાતી 'રૉમ સીતમાની વારતા' સાંભળવી અનન્ય ઘટના છે. ખેડબ્રહ્માના પહાડી વિસ્તારોના પરિભ્રમણ પછી ચાર વર્ષના સમયગાળા બાદ બોરડી ટુઢકા ગામના ભીલ સાધુ ખાંટ નાનજી લાખાભાઈ, પાબુભાઈ, વીરમાભાઈ પાસેથી સંપાદકે આ વાર્તાનું કંઠસ્થ પરંપરામાં સચવાયેલી ધ્વનિમુદ્રણ કરેલું. આ જ વારતા રાજસ્થાનની સીમા પરના ગામ હરારાજ્યપરમાંથી પારઘી નાથાભાઈ પાસેથી મેળવેલી. આમની પાસેથી પણ સંપાદકને રામકથાની કેટલીક પાંખડીઓ મળેલ. નાટ્યાત્મક ભજવણીના વેશ પણ સંપાદકે જોયેલા. અધૂરી રહેલી આ કથાની પાંખડીઓ કેળવાકૂવા ગામના ગમાર લાડુભાઈ પાસેથી મળેલી. આ રૉમસીતમાની વારતામાં કેટલી પ્રસંગ ઘટના છે, તેના કોણ જાણકાર છે, ક્યાં રહે છે વગેરે શોધ મેળવી સંપાદકે આ ભગીરથ કાર્ય કર્યુ છે અને પછી જ ૧૯૯૫માં 'રૉમ સીતમાની વારતા' ૩૯૩ પાનામાં આપણને સંપાદિત થઈને મળે છે.

ભીલી પરંપરાનું આ લોકાખ્યાન વેરવિખેર થઈને કાળની ગર્તામાં ખોવાઈ જાય તે પહેલાં વિદ્યાપ્રીતિ અને ધગશથી સંપાદકે સંપાદિત કરી આપણી સમક્ષ મૂકી આપ્યું છે. આ કથાના વિવિધ ખંડો, તબક્કા, પાત્ર અને ઘટનાઓને સંયોજી પૌરાણિક અને ઐતિહાસિક આ કથાકાવ્યને મૂકી આપવાનું કાર્ય સંપાદકે કર્યું છે.

આ વારતામાં ભીલી બોલીમાં ભજન સાથે સીતાની ઉત્પત્તિ, તેમની રામ સાથેના લગ્નસંબંધ પરંપરા વગેરે બાબતો તેમાં સમાયેલી જોવા મળે છે. શિષ્ટ પરંપરામાં રામ સીતાની કથા કરતાં આ કથા થોડીક જુદા સ્વરૂપે આપણને મળે છે. આ આદિવાસી કથામાં વાસુકી એમનો આદિનારાયણ જેવો જ પૂજ્ય અને અગ્રદેવ છે. ઉમિયા અને શિવ

ઉત્પન્ન થતાં તે પહેલાં વાસુકીનું અસ્તિત્વ હતું તેવું તેઓ સ્વીકારે છે. બ્રહ્માનું નાભિકમળમાં ઉત્પન્ન થવું, પૃથ્વીની ઉત્પત્તિ વગેરે બાબતોનો આદિવાસીઓ પોતાની પરંપરામાં સ્વીકાર કરે છે. આ રૉમ સીતમાની વારતા મૂળભૂત આદિવાસી પ્રજામાં શ્રદ્ધાનું પ્રેરક છે.

● ગોપીચંદ-ભરથરીની વારતા (૨૦૦૫)

નાથકથા પરંપરા પ્રમાણે ગોપીચંદ ભરથરીની કથા ૨૦૦૫માં સંપાદિત થઈ પ્રકાશિત થઈ છે. ભાટ-તૂરીની કંઠપરંપરાના આધારે આ કથા એક બીજા સ્વરૂપે શિષ્ટ સ્વરૂપમાં મળતી રહી છે. કેટલીક ખૂટતા મણકાઓ આ ડુંગરી ભીલોની વારતામાં મળ્યા છે. આદિવાસીઓની વારતામાં ગધેડાની આરંભની કથાસ્ત્રોતો ખૂટતા હતા તે સાથે આમાં પણ જોડાયા છે.

આ વારતાની કથા ભીલી પાઠમાં જોવા મળે છે. તેના ગાયક-કથક માહિતી આપનાર નવા મોટા, માલવાસ, મોવતપુર, પાંચમહુડા વગેરે ગામના ગમાર જાતિના આદિવાસી ભાઈઓ છે. ગોપીચંદ, રામદેવ, હંસદેવ વગેરેની ભજનવારતા આસો માસમાં સમાધિ પૂજતી વેળાએ, મરણોત્તર લૌકિક ક્રિયાઓ સમયે કે મોટી નાત કે શંખઢોળ પ્રસંગે તંબૂર પર ગાવામાં આવે છે. ગોપીચંદ-ભરથરી તથા રામદેવની કેટલીક કથાઓ મહા મહિનામાં કોબરિયા ઠાકોરની કોળી અને ભાદરવા માસમાં ઊજવાતી મહામાર્ગી બીજના પાટના પ્રસંગે ગવાય છે. સંપાદકે આ ગ્રંથના સંપાદન ભૂમિકામાં નાથ-કબીરપાટ ત્રણ પરંપરા અને ભીલી વિધિવિધાન, ભજન વારતા વિશે ગહન ભૂમિકા બાંધી આપી છે. આ વારતામાં ગોરખવાણીની ૩૩, કબીરવાણીની ૩૩ રચનાઓ છે. રાજસ્થાની અને ગુજરાતી બંને સંપ્રમાણ ભાષાદષ્ટિએ આ વારતા અસ્તિત્વના માંડવે ઊભી છે. આ પ્રજામાં બોલાતી બોલી, વાણીના પાઠ ભીલી છે. ગોપીચંદ-ભરથરી ગદ્ય-પદ્યમય પાઠમાં ભીલી જ સંજ્ઞાઓ મૂકી આ ભજન વારતા ચાલે છે.

આદિવાસી કંઠપરંપરાના સંપાદનો-સંશોધનોમાં ભગવાનભાઈની હથોટી છે. આ વારતા તેનું ઉત્તમ ઉદાહરણ છે. નાથસંપ્રદાયનાં છેડા આદિવાસી પરંપરા સાથે જોડાયેલા છે. આદિવાસીઓના મૂળમાં બીજમાર્ગી પાટઉપાસના - નાથસંપ્રદાય અને કબીરવાણી આત્માના ઉદ્ધાર માટે ઓતપ્રોત થયેલી હોય તેમ લાગે છે. તેમાં રામદેવકથા પણ આવે છે.

● મોતીચરાની વારતા (૨૦૦૯)

દેવિયાવાળાના અરેલા સંદર્ભે મોતીચંદ દેવની કથાનો મૂળ પાઠ ૨૦૦૭માં પ્રકાશિત થયો છે. આ મોતીચરાની વારતા ભગવાનદાસ પટેલ દ્વારા નવામોટા ગામના

ગમાર વજાભાઈ કેહરાભાઈ સાધુ પાસેથી ધ્વનિમુદ્રિત કરેલી છે. 'મોતીસરાની વારતા' તંબૂર પર ભજનના રાગઢાળ સાથે ગાવામાં આવે છે. મોતીચરો એ ભીલ આદિવાસીઓનો ચોખ્ખો દેવ છે. તેને દૂધ ચડે છે આથી તેને દૂધિયો વીર પણ કહે છે. જેને માથે મોતીચરો દેવ ઊતર્યો હોય તેવા ભોપાના ખોલરામાં આ દેવની સ્થાપના કરવામાં આવે છે. શરીરમાં અને બહાર મોતી જેવા સફેદ ફોલ્લા થાય છે તેને મોતીચરો દેવ શરીરમાં પધાર્યો છે એમ માને છે. આ દેવના પ્રભાવમાંથી મુક્ત થવા તેમની માનતા માને છે. સાજા થવાથી વૈશાખ માસમાં તેમનો હગ ચડાવવામાં આવે છે. આ દેવ ચોખ્ખો હોવાથી તેને ચૂરમું, શ્રીફળ, દૂધ અને ચાંદીનું પગલું ચડાવાય છે. મોતીચરો હગ ચડાવવાના આગલા દિવસે સાધુ દ્વારા તંબૂર પર 'મોતીચરાની વારતા' ગાવામાં આવે છે. આ વારતા ખેડબ્રહ્મા, દાંતા, ઉદયપુરના કોટડા તાલુકાના ભીલ આદિવાસી વિસ્તારોમાં પ્રચલિત છે.

તરણ નતા અગાસ હા... નૈયાં...રા...ઝી...હો...ઝી....
સૉદોનતા સુરુઝ હા... નૈયાં...રા...ઝી...હો...ઝી....
પોંણી નતા પવના હા...નૈયાં...રા...ઝી...હો...ઝી....
ડરા નતા ડુંગરા હા... નૈયાં...રા...ઝી...હો...ઝી....

ધરતી નહોતી, આકાશ નહોતું, ચાંદ નહોતો, સૂરજ નહોતો, પાણી નહોતું, પવન નહોતો, પથ્થર નહોતા, પર્વત નહોતા તે સમયે જળપ્રલય હતો. સાતમા પાતાળે જળપ્રલયમાં ભગવાન રમતા હતા. આ રીતે વારતાની શરૂઆત થાય છે અને પછી ભગવાન, પાતાળ, સાતમા પાતાળની વારતા ગૂંથાતી જાય. કાચબાના અવતારની વાત થાય ભગવાન શિવ અને ઉમિયાની વાત થાય, લગ્ન થાય, ભગવાન જોગીનો વેશ લે, રોગોને નાથવાનો ઉપાય બતાવે, મોતીચરાના રૂપમાં અવતરા લઈ માનવીની પરીક્ષા કરે વગેરે સંયોગો ગૂંથાતા જાય. વારતા આગળ વધતી જાય અને મનુષ્યો મોતીચરાના કોપથી તેને પણ દેવ માનતા થાય, તેની બાધા (હગ) રાખી પૂજાઅર્ચના કરે તેની વારતાઓ કથવામાં આવે, સુખડી, નાળિયેર ચડાવે, મોતીચરાની યાત્રા કરી મોતીચરા ભગવાનની સ્થાપના થાય, લીલી લાલ ધોળી ધજા ચડાવાય, આરતી થાય અને આ રીતે મોતીચરાની વારતા થાય. આમ ભગવાનદાસે ભીલીબોલીમાં આ વારતા સંપાદિત કરી તેના શબ્દોની સૂચિ પણ પાછળ આપી છે.

અરવલ્લીના ડુંગરી ગરાસિયા ભીલો જુદા જુદા પ્રસંગે જુદા જુદા સમયે આ વારતાઓ તંબૂર સાથે પદ્ય-ગદ્ય લયમાં ગાતા હોય છે. જેમાં સામાજિક, ધાર્મિક અને માનવપ્રેમની ઐક્યની ભાવનાનું પ્રતિબિંબ ચોક્કસ દેખાય છે. ભોળા મનની આ આદિવાસી

પ્રજા પાસેથી ધર્મના આલંબનનું શુદ્ધ કથાત્મક રૂપ આપણને પ્રાપ્ત થાય છે. તોળીરોણી, ગોપીચંદ-ભરથરી, રોમસીતમા જેવા ધાર્મિક પાત્રો અને સામાજિક પ્રતિબદ્ધતાના પ્રહરીઓની કથાના તાણાવાણા શિષ્ટ સાહિત્ય કરતાં, શિષ્ટ સમાજ કરતાં આ પ્રદેશની બોલીમાં, તે માનવોની રગરગમાં વ્યાપેલા દેખાય છે. આ વારતાઓ માત્ર ધાર્મિક કથાઓ નથી પણ તેમના જીવનની સુખદુ:ખની છાંયડી પણ છે. સામાજિક એકતા અને સામૂહિક સંબંધ શું કહેવાય તે જાણવું હોય તો આ વારતાઓ પાસે અચૂક જવું જ પડે. ભગવાનદાસ પટેલ આટલી સુંદર વારતાઓનું સંપાદન કરી એક ઉત્તમ કાર્ય કર્યું છે.

સંદર્ભ ગ્રંથો

૧. 'લોકસાહિત્યમાં કથનશૈલી' : સંપા. શાંતિભાઈ આચાર્ય, ગુજરાત સાહિત્ય અકાદમી, ૧૯૯૩

૨. 'ગુજરાતના આદિવાસી લોકસાહિત્યનો ઇતિહાસ' : સંપા. હસુ યાજ્ઞિક, પાર્શ્વ પ્રકાશન, ૨૦૧૧

૩. 'ભીલલોકમહાકાળા : રાઠોરવારતા' : સંપા. ભગવાનદાસ પટેલ, ૧૯૯૨

૪. 'ગ્રામીણ અને આદિવાસી કંઠપરંપરા' : હસુ યાજ્ઞિક, ગૂર્જર પ્રકાશન, ૨૦૧૫

૫. 'તોળી રોણીની વારતા' : સંપા. ભગવાનદાસ પટેલ, ૧૯૯૩

૬. 'રોમ સીતમાની વારતા' : સંપા. ભગવાનદાસ પટેલ, ૧૯૯૫

૭. 'રૂપાંરોણીની વારતા' : સંપા. ભગવાનદાસ પટેલ, ૨૦૦૨

૮. 'લાલુ અરિદા' : સંપા. ભગવાનદાસ પટેલ, ૨૦૦૩

૯. 'ગોપીચંદ ભરથરીની વારતા' : સંપા. ભગવાનદાસ પટેલ, ૨૦૦૫

૧૦. 'ગુજરાતમાં નાથપંથી સાધના અને સાહિત્ય' : સંપા. નાથાલાલ ગોહિલ, નવભારત સાહિત્ય મંદિર, ૨૦૦૯

૧૧. 'મોતીચરાની વારતા' : સંપા. ભગવાનદાસ પટેલ, ૨૦૦૭

૧૨. 'બીજમાર્ગી ગુપ્ત પાટઉપાસના અને મહાપંથી સંતોની ભજનવાણી' : ડૉ. નિરંજન રાજ્યગુરુ, ગુજરાત સાહિત્ય અકાદમી, ૧૯૯૫

●

'પૃથિવીવલ્લભ' મારી નજરે...

– વલ્લભ નાંઢા

મારી ઉંમર દસેક વર્ષની હશે ત્યારે પિતાજી મારી આંગળી પકડીને મને એક દિવસ અમારા મ્વાંઝા ગામના 'કેપિટલ સિનેમાઘર'માં લાગેલી બ્લેક ઍન્ડ વ્હાઈટ મૂવી 'પૃથિવીવલ્લભ' જોવા લઈ ગયેલા. આવડી કાચી ઉંમરે ફિલ્મના સંદર્ભો પકડવાની બૌદ્ધિકક્ષમતા કે તેના કથાપ્રવાહમાં તદ્રુપ થઈ તણાઈ જવા જેટલી સૂઝબૂઝ પણ ક્યાંથી હોય? પરંતુ મુંજનું પાત્ર ભજવતા સોહરાબ મોદીજી, મૃણાલના પાત્રને આત્મસાત્ કરતી એ જમાનાની જાજરમાન અભિનેત્રી દુર્ગા ખોટે અને તૈલબનો અભિનય ઝીલતા ફનમૌલા કે. એન. સિંઘના છાયાચિત્રો મારી ચિત્તમંજૂષામાં એ વખતે કેદ થઈ ગયેલા, જે મારી ચિતમંજૂષામાં આજે પણ યથાતથ રહ્યાં છે. જોકે એ વખતે મને સહેજ પણ ખ્યાલ નહોતો કે જે નવલકથા પરથી આ ફિલ્મ બની હતી તે નવલકથાનું કથાલેખન ગુજરાતી ભાષાના યુગધર નવલકથાકાર મુનશીજીએ કર્યું હતું.

મુનશીએ સાહિત્યજગતમાં જ્યારે પ્રવેશ કર્યો ત્યારે ગોવર્ધનરામની મહાનવલ 'સરસ્વતીચંદ્ર' સમગ્ર ગુજરાતમાં છવાઈ ગઈ હતી. મુનશી પણ ગોવર્ધનરામની મહત્તા અને પ્રજાપ્રીતિથી અજાણ ન હતા. એટલે જ સાહિત્યજગતમાં પ્રવેશતા પ્રારંભમાં 'મારી કમલા' વાર્તાથી શ્રીગણેશ કરે છે. 'મારી કમલા અને બીજી વાતો' એ એકમાત્ર એમનો ૧૯૧૨માં પ્રગટ થયેલો વાર્તાસંગ્રહ. પછી 'વેરની વસૂલાત' જેવી સામાજિક નવલકથા 'ઘનશ્યામ' તખુલ્લસથી લખવાની શરૂઆત કરી. ઈતિહાસને સાહિત્ય સાથે જોડવાની કાળવેધી દૃષ્ટિ એમની પાસે હતી અને પોતે પણ બહુ બારીકાઈથી જોનારી વ્યક્તિ, એટલે સમજી ગયા કે 'સરસ્વતીચંદ્ર'ના પ્રભાવ વચ્ચે સામાજિક નવલકથામાં ગજું કાઢવું મુશ્કેલ બનશે માટે વિષયની પસંદગી બદલવી પડશે. આ કોઠાસૂઝે મુનશીને સભાનપણે ઐતિહાસિક નવલકથા તરફ વળ્યા અને નવલકથાક્ષેત્રે એમણે પોતાનું અનોખાપણું સ્વમાનભેર સિદ્ધ કરી દેખાડ્યું. 'પાટણની પ્રભુતા', 'ગુજરાતનો નાથ' અને 'રાજાધિરાજ' આ નવલત્રયી ઉપરાંત મુંજની શૌર્યગાથાથી ધબકતી તખ્તાક્ષમ ઐતિહાસિક નવલકથા 'પૃથિવીવલ્લભ'નો સૌપ્રથમ પ્રયોગ કરનાર પણ મુનશી જ હતા.

'પૃથિવીવલ્લભ' એ મુનશીની નાટયાત્મક ને રંગદર્શી લઘુનવલ છે. મૂળ ટૂંકા ઐતિહાસિક વસ્તુને મુનશીએ પોતાની કલ્પનાના અવનવા રંગો પૂરીને એમાં પોતાની આગવી કલાભાવનાનો પુટ ચડાવીને એક ઉત્તમ કૃતિનું સર્જન કર્યું છે. કથાનો મર્યાદિત વિસ્તાર આ પ્રમાણે ઊઘડે છે : કથાના મુખ્ય પાત્ર માલવપતિ મુંજ તૈલંગણના રાજવી તૈલપને સોળ સોળ વાર હરાવ્યા પછી એના સરસામંત ભિલ્લમના હાથે પકડાય છે. મુંજની સાથે તેનો ભત્રીજો ભોજ (રસનિધિ) અને રાજ્યના બીજા કવિઓને પણ કેદ કરી લેવામાં આવે છે. તૈલપ પોતાને અનેકવાર પરાજય આપનારા આ શત્રુનું પૂરું વેર લેવા માગે છે. પણ મુંજ સ્વાભિમાની નરપુંગવ છે એ પોતાની જાતને પૃથ્વીપતિ માને છે. મુનશીએ મુંજનું પાત્રઘડતર કરતી વખતે તેની વીરતાને પ્રગટ કરવા નિત્શેની અતિમાનવ (Superman)ની કલ્પના મુંજમાં પૂરી ઉતારી હોય એમ સહેજે લાગે. તૈલપની આધેડ વયની વિધવા અને સહેજ ઓછી દેખાવડી બહેન મૃણાલવતીનો રાજસત્તા પર કાબૂ છે. એણે સમસ્ત પ્રજાને સાત્ત્વિક માર્ગે પ્રેરવા રાજ્યમાં ઉત્સવ, જલસા, નૃત્ય, નાટ્ય અને મોજશોખ પર પ્રતિબંધ મૂક્યો છે.

મુંજ મૃણાલવતીના સંપર્કમાં આવે છે. નગરમાં કેદી છતાં હસતે ચહેરે પ્રવેશેલા મુંજનો ગર્વ ભાંગવા ને ભાઈના પરાજયનો બદલો લેવા મૃણાલ એને તુરંગજેલમાં અનેકવાર મળે છે. મુંજને અપમાનિત કરવા મૃણાલ અને તૈલપ એને લાકડાના પાંજરામાં પૂરી કોઈ હિંસક વનપશુનું પ્રદર્શન દેખાડવું હોય એમ નગરની વચ્ચે જાહેર સ્થળે મૂકે છે. જોકે તો ય નરપુંગવ મુંજનો ચહેરો તો એ વખતે પણ હસતો જ રહે છે. આટલું ઓછું હોય તેમ મૃણાલ એનું વિશેષ અપમાન કરવા એના હાથ પર ચોકીદાર પાસે ધગધગતા સળિયાના ડામ દેવડાવે છે અને છતાં બળતા માંસની પીડાથી પણ પ્રસન્ન થતો હોય એમ એ કહે છે, ''અરે તમારી ! આટલેથી તમે રાજી થાત એમ જાણ્યું હોત તો ઊભો ઊભો હું જ હાથ બાળત.'' મૃણાલ મૂંઝવણમાં પડી જાય છે. શો જવાબ દેવો એ પણ સૂઝતું નથી એટલે ફાળ ભરતી એ ત્યાંથી જતી રહે છે. પાછળ મુંજ બોલે છે, ''મૃણાલવતી! આ ડામની દવા દેવા કાલે આવજો હોં!'' અને મૃણાલને બીજા દિવસે ખરેખર આવવું પડે છે. એ જીતવા માગતી હતી મુંજને ને જાતે એનાથી જિતાઈ જાય છે. શરૂશરૂમાં મૃણાલની અરસિક વૈચારિક વિભાવના મુંજની રંગદર્શી વિચારધારા સામે ટકરાય છે પણ અંતે તેમાંથી જ પ્રચ્છન્ન અનુરાગની માધુરી વર્ષી રહે છે.

કથામાં એક બીજી નાનકડી ઘટનાનું પણ નિરૂપણ છે. આ ગૌણ ઘટના એટલે રસનિધિ ઉર્ફે ભોજ અને ભિલ્લમપુત્રી વિલાસની પ્રણયવાર્તા. મૃણાલની કઠોર વિચારછાયામાં ઊછરેલી વિલાસ પ્રથમ તો પ્રેમ એટલે શું એ જાણતી નથી પણ કવિ રસનિધિના પરિચયમાં આવે છે અને રસનિધિના પ્રભાવની અસર તળે તેની સાથે નાસી જવા સુધ્ધાંની તૈયારી કરે છે.

નાસી જતાં અગાઉ રસનિધિ ઉર્ફે ભોજ તુરંગમાં પોતાના કાકા મુંજને મળે છે અને પોતાની સાથે જ નાસી છૂટવા વિનંતી કરે છે પણ મુંજ એ રીતે નાસી છૂટવાનો ઈન્કાર કરે છે. કઠોર વ્રતધારી મૃણાલ આખરે મુંજ આગળ સ્વીકાર કરે છે : ''તમે મને ગાંડી કરી કરી નાખો છો. બોલો, શું કરું ? તમે અદ્ભુત છો!''

ભોજ અને વિલાસ નાસી છૂટે છે પણ અગાઉ વિલાસ જેની સાથે વરવાની હતી એ સત્યાશ્રય પીછો પકડે છે. માર્ગમાં એની અને ભોજની વચ્ચે ઝપાઝપીમાં ભોજ જીતે છે પણ એ વિલાસવતીને ગુમાવે છે. સત્યાશ્રય વિલાસવતીને લઈને જીવતો પાછો ફરે છે અને માર્ગમાં વિલાસવતીનું માથું કાપી નાખે છે. ગુસ્સે ભરાયેલો તૈલપ મુંજનું જાહેરમાં અપમાન કરવા તેને હાથીના પગ નીચે ચગદાવી નાખે છે.

ઍલેક્ઝાંડર ડૂમા મુનશીના પ્રિય નવલકથાકાર હોવાથી એમની આરંભની નવલકથા મુનશીનો આદર્શ બને છે. કેટલાક વિવેચકો મુનશીના સર્જન પર ઍલેક્ઝાન્ડર ડૂમાની અને જર્મન દાર્શનિક નિત્શેએ કલ્પેલા વૃત્તિવિલાસમાં અપૂર્વ એવા 'બ્લોન્ડ બેસ્ટ'ની અસર હોવાનું તારણ કાઢે છે. તે તારણોમાં થોડું વજૂદ પણ જણાય છે. કારણ કે ખુદ મુનશીએ 'જય સોમનાથ'ની પ્રસ્તાવનામાં વિવેચકોના મંતવ્યનો સ્વીકાર કરતાં આમ લખ્યું છે : ''સાહિત્યસર્જનના સ્વરૂપની શોધમાં મેં ઘણા પ્રયત્નો કર્યા છે. કથાકાર શિરોમણી ઍલેક્ઝાન્ડર ડૂમાની છાપ કંઈક અંશે રહી ગઈ છે. 'પૃથિવીવલ્લભ'નું વિષયવસ્તુ ગુજરાતમાં ૯મી કે ૧૦મી સદીમાં અપભ્રંશ લખાયેલાં કાવ્યોના આધારે તેમ ૧૫મી સદીમાં એક જૈન સાધુએ લખેલા પ્રબંધમાંથી લીધું છે.'' મુનશીએ એક પત્રમાં કબૂલ કર્યું છે– 'એ સમયે એટલે કે ૧૯૧૪-'૧૫માં યોગક્ષેત્રે કલ્પેલા વૈરાગ્યપ્રધાન સુપરમેન અને જર્મન તત્ત્વજ્ઞાની નિત્શેએ કલ્પેલા વૃત્તિવિલાસમાં અપૂર્વ એવા 'બ્લોન્ડ બેસ્ટ'ની ભાવનાઓ વચ્ચે હું ઝૂલતો હતો. આમ ઝૂલતાં ઝૂલતાં મુંજ અને મૃણાલનાં વ્યક્તિત્વ જન્મ્યાં હતાં.'' પછી આગળ એ લખે છે : ''પણ મારે તો મારી સર્જકતાના ધોરણે બદલાવું જ જોઈએ ને?''

એ પછી મુનશીની લેખનશૈલી આગવી મૌલિકતા તરફ વળે છે અને 'જય સોમનાથ' પછીની એમની નવલકથાઓમાં મુનશીની આગવી મૌલિકતા તરત ધ્યાન ખેંચનારી બની રહી છે. આને પણ મુનશીની નવલકથા સર્જકતાનું એક ઉજ્જ્વલ પૃષ્ઠ જ ગણવું રહ્યું.

આજથી ૯૦ વરસ પહેલાં ૧૯૨૧ની સાલમાં 'પૃથિવીવલ્લભ' પ્રગટ થઈ હતી ત્યારે તેને વિદ્વાનોની આકરી આલોચનાઓના ભોગ થવું પડ્યું હતું. એમાં નિરૂપાયેલી નીતિભાવનાઓએ સમાજમાં સારી એવી ચર્ચા જગાડી હતી જેને શમતાં ખાસ્સો સમય લાગ્યો હતો.

એટલું જ નહીં, ગાંધીજીની કડક આલોચનામાંથી પણ તે બચી શકી નહોતી. નવલકથા વાંચ્યા પછી ગાંધીજીએ મુનશીને પત્ર લખી પોતાની નારાજગી આ શબ્દોમાં દર્શાવી હતી : ''પૃથિવીવલ્લભ' રસપૂર્વક વાંચી ગયો છું. તેમાંનું એક્કેય પાત્ર મને ગમ્યું નહીં. મુંજ જેવા થવાની ઇચ્છા પણ ન થઈ. એમ કેમ? પાત્રોને હોય એવાં તમે ચીતર્યાં છે એમ કહો તો એ બરાબર બંધ નહીં બેસે. આ પચરંગી દુનિયામાં કોઈક તો સારા હશે, દંભ વિનાના હશે. મૃણાલના તમે ચૂરા કર્યા. વિલાસ બિચારી રસનિધિ આગળ મીણ થઈ ગઈ. પુરુષો એવા ધૂર્ત ને ચાલીસ વર્ષની કદરૂપી સ્ત્રી પણ પુરુષની મોહક વાતમાં અને તેના ગળામાં પોતાના હાથ હેઠા નાખી દે. કાલિદાસે એવું ન લખ્યું, શેક્સપિયરની છાપ મારી ઉપર એવી ના પડી. તેઓ પાસેથી કાંઈક શિખ્યો. તમારી પાસેથી કેમ નહિ? તમારી જે સારામાં સારી કૃતિ 'પૃથિવીવલ્લભ' ગણાય છે ને તેમાં હું કેમ તમારું દર્શન ન કરી શક્યો? હવે થોડો વિનોદ કરી લઉં. તમારું છેલ્લું વાક્ય કાંઈક આમ છે : ''મુંજનું શબ હાથીના પગ તલે છુંદાઈ રોટલો બની ગયું.'' રોટલો શબ્દ તો સારો લાગ્યો, પણ શરીરનો રોટલો બની જ ના શકે એ વિચાર્યું છે? 'છુંદો થઈ રહ્યું' તો ચાલે. શરીરનો મુરબ્બો થાય, ચૂર્ણ થાય, રોટલો બનવો અશક્ય છે.''

જોકે, ગાંધીજીની આ આલોચનાનો મુનશીજીએ આ શબ્દોમાં ખુલાસો કર્યો હતો : ''કાલિદાસ કે શેક્સપિયર જેવું હું લખી શકું તો પછી હું ગાંગો તેલી શા માટે રહું? બીજું 'પૃથિવીવલ્લભ' 'Literature of inspiration'નો નમૂનો નથી; 'Literature of Escape'નો છે; શીખવવાનો કે પ્રેરવાનો હેતુ એમાં નથી. કલ્પનાવિલાસી લેખકના મનમાં ઉદ્ભવતાં ચિત્રોને શબ્દદેહ આપવાનો છે. મુંજ કંઈક અંશે અવાસ્તવિક છે; તો તે જ પ્રમાણે કૈવલ્યપદ પામેલો યોગી પણ અવાસ્તવિક લાગી જાય છે. જો બંને રીતે દુ:ખનો આત્યાંતિક - પરમ

આનંદ - મળી શકે તો એ બે પ્રયોગો સરખા થઈ રહે. - એટલે મારો મુંજ - જેમાં રાગ છે પણ ભય ને ક્રોધ નથી - એ તો સસલાંનું શૃંગ જ બની ગયો. આ સર્જકતાને મેં સ્વધર્મ માન્યો છે. કલ્પના જ સરસ વસ્તુ સર્જે. તેને સાહિત્યમાં સ્થાન પામવાનો સંપૂર્ણ અધિકાર છે. સાહિત્યપ્રવૃત્તિમાં હું કલ્પનાવિલાસી છું. મને ધૂન થાય, વિચાર આવે કે આદર્શ આકર્ષે તે વસ્તુ અને પાત્ર બની બહાર પડે છે અને પછી તેમને લખી નાખું છું. એટલે મેં સારાં-નરસાં માણસો ને પ્રસંગો આલેખ્યાં છે. શીખવવાના કે પ્રેરવાના હેતુથી નહીં - પણ સર્જકતાની ધૂનમાં અને આત્મકથનની અણદબાતી વૃત્તિથી.'' આટલી ચોખવટ પછી પત્રની નીચે તા. ક. ટાંકતા મુનશી લખે છે : ''શરીરનો દબાઈને રોટલો કેમ ના થાય - ચપ્પટ બની જાય તો? એ ભરૂચી ઈડિયમ છે.'' પરંતુ આનંદ લેવા જેવી બાબત એ છે કે મુનશીએ કરેલા ખુલાસા પછી એ વિવાદ આગળ વધ્યો નહોતો.

ઝવેરચંદ મેઘાણીએ મુંજના પાત્ર વિશે આમ લખ્યું હતું : ''મને તો મુંજ અને મૃણાલનું વર્તન મેળ વિનાનું લાગે છે. આ બધું નાટકિયું છે. આ તો કોઈ માથાભારે કાઠી જેવું છે. ગામડામાં એવો માણસ કોઈ વાર શરત કરે કે ગામની કોઈ મોટી સતી સાધ્વી છે જેને હું ના ફસાવી શકું? મુંજ આવો કોઈ માથાભારે વિલાસી કાઠી જેવો છે. મને તો આમાં કોઈ મહાન કૃતિનું લક્ષણ જણાયું નહિ.''

પ્રસિદ્ધ સાહિત્યકારના આવા મતદર્શન પછી 'પૃથિવીવલ્લભ' વતી દલીલ કરવી એ કઠણ કામ. ટિપ્પણી કરવી હોય તો કરી શકાય. પણ એમાં કલાકારને અન્યાય કરવા જેવું છે. આમાં કશું અવાસ્તવિક નથી. કલા દૃષ્ટિએ વિઘાતક પણ નથી અને સાહિત્યકાર રતિલાલ સાં. નાયક અને સોમાભાઈ વી. પટેલ 'જીવન અને સાહિત્ય' નામના પુસ્તકમાં 'પૃથિવીવલ્લભ' નવલકથાવિષયક ઉક્ત ચર્ચાના સંદર્ભમાં નોંધે પણ છે : ''મેઘાણીભાઈ, 'પૃથિવીવલ્લભ'ની સમસ્યા એ રસશાસ્ત્રીય સમસ્યા છે, એ બહુ સૂક્ષ્મ મીમાંસા માગી લે છે.'' 'પૃથિવીવલ્લભ'ના નીતિસંદેશની ચર્ચાસ્પદ બાજુને એક બાજુએ મૂકીએ તો કોઈ પણ તટસ્થ વિચારકને 'પૃથિવીવલ્લભ' ઉચ્ચ કોટિનું સર્જન જણાશે.

બીજી તરફ 'પૃથિવીવલ્લભ' જેટલી વખોડાઈ હતી એટલી વખણાઈ પણ હતી. ચર્ચાના મહાનળમાં તપ્યા પછીય તેની લોકચાહના સહેજે ઘટી નથી. 'પૃથિવીવલ્લભ'ની ૧૧ આવૃત્તિઓ ગુજરાતીમાં તેમ એકાધિક આવૃત્તિઓ હિન્દી, મરાઠી, બંગાળી, તમિલ, કન્નડ, સંસ્કૃત અને અંગ્રેજીમાં પણ થઈ અને તેનાં ગુજરાતી અને સંસ્કૃતમાં નાટ્યાંતરો

પણ થયાં, જે તખ્તાક્ષમ બની રહી ગ્રંથસ્વરૂપે પ્રગટ થયાં એ બાબત જ 'પૃથિવીવલ્લભ'ની લોકપ્રિયતા સિદ્ધ કરી આપે છે.

મુનશી પાસે પાત્રાલેખનની અદ્‌ભુત કળા હતી. કથાપ્રવાહને સુસંગત, સુરેખ, અને સજીવ પાત્રાલેખન, ક્રમિક પાત્રવિકાસ સાથે સુશ્લિષ્ટ વસ્તુસંકલના અને નવલકથાનાં અભિન્ન અંગો જેવા આદર્શને નજર સમીપ રાખીને પાત્રોને વિકસાવવાની હથોટી મુનશીને હસ્તગત છે. 'પૃથિવીવલ્લભ'નું દરેક પાત્ર કોઈને કોઈ આદર્શને વરેલું છે. પછી 'પૃથિવીવલ્લભ'નો કથાનાયક મુંજ હોય કે પછી ઉંમર વળોટી ગયેલી રાજકન્યા મૃણાલ હોય, દરેક પાત્ર અહીં આદર્શવાદને વરેલું છે.

મુંજની પડછે મૃણાલનું પાત્ર પણ સારું ઉપસ્યું છે. એની સત્તાપકડ, એનો સંયમ અને સદાચાર માટેનો જડ આગ્રહ અને આખરે મુંજ આગળ થતું તેનું ગર્વખંડન એનાં વ્યક્તિત્વને એક નવું પરિણામ આપે છે. નારીના પાત્રને આરંભમાં તેજસ્વી બનાવવું અને પછી એ પાત્રનું ગર્વખંડન કરવું મુનશીની એ ટૅક્‌નિક મૃણાલના પાત્રઘડતરમાં સફળ બની છે. એના સદાચારી સંયમનું જીવનના ઉલ્લાસ આગળ થતું પતન મૃણાલના વ્યક્તિત્વની ઘેરી કરુણતા છે. મૃણાલના પાત્રલેખન બાબતમાં મુનશી લખે છે : ''મૃણાલમાં બાર વર્ષની નવોઢાનું અજાણપણું હતું. સત્તર વર્ષની રસિકાનો અસંતોષ હતો, પ્રૌઢાથી પણ વધારે મસ્તી હતી, વૃદ્ધાનું કલ્પનાહીન, અનુભવી, સ્વાર્થી મગજ હતું. બ્રહ્મચારિણીનું શરીરબળ હતું ને ઉગ્ર તાપસીની કાર્યસાધકતા હતી.'' આ ગુણવિશેષો મૃણાલના પાત્રને જીવંત બનાવે છે.

રસનિધિ-વિલાસનું પાત્રયુગલ આપણા હૃદયસિંહાસનનો સહેજે કબજો લઈ લે છે. વિલાસના પિતા ભિલ્લમ તૈલંગણના સરસામંત છે. સત્તા ટકાવી રાખવાના મોહમાં સરસામંત ભિલ્લમે રાજકુંવર સત્યાશ્રયનો હાથ વિલાસના હાથમાં સોંપવા રાજવી તૈલપને વચનબદ્ધ કર્યા હતો પણ વિલાસે પોતાનું દિલ રસનિધિને સમર્પિત કરી દીધું હોવાથી તે એની સાથે નાસી જાય છે. વિલાસના જીવનનો જે કરુણ અંજામ આવ્યો તે આપણાં હૈયાં ભીંજવી જાય છે.

તૈલપના પાત્રનું પણ યોગ્ય જ લેખન થયું છે. તૈલપ પોતે મહાન વિજેતા હતો. તે ચાલુક્ય વંશનો હતો. માન્યખેટમાં તેણે પોતાનું રાજ્ય સ્થાપ્યું હતું. કલચૂરીના લક્ષ્મણરાજની પુત્રી જક્કલાદેવીને પરણ્યો હતો. તેણે ચોલા, ચેદી, પાંચાળ, અને ગુજરાત આદિ દેશો જીતી આખરે મુંજને હરાવી માળવા પર વિજયપતાકા ફરકાવી હતી. તેના

પુત્રનું નામ અકલંકચરિત અથવા સત્યાશ્રય હતું. આટલો પરાક્રમી હોવા છતાં તે સત્તાલોલુપ, ક્રોધી, અદેખો અને નિર્દય હતો. માનવસહજ આ દુર્બળતાને મુનશીએ તૈલપના પાત્રઘડતર દ્વારા આબાદ વ્યક્ત કરી છે.

ગૌણ પાત્રોમાં સ્યૂન દેશનો રાજા ભિલ્લમ કે જેણે પોતાના યુદ્ધકૌશલ્યથી મુંજને પરાજિત કર્યો હતો. ભોજ, ધનંજય, જક્કલા, લક્ષ્મીદેવી ઇત્યાદિ પાત્રોનું પણ સંખેડાઉતાર ચરિત્રચિત્રણ થયું છે. આ પાત્રોને જીવંત અને તેજસ્વી વ્યક્તિઓ તરીકે સર્જીને વાચકની કલ્પનાસૃષ્ટિમાં શ્રેષ્ઠ નરવીર કે વીરાંગના રૂપે રમતાં મૂક્યાં છે. મુનશીની પાત્રસૃષ્ટિમાં સરળતા, પ્રભાવિતા, ઓજસ્વિતા અને વીરતા જોવા મળે છે.

આ પાત્રો સર્જકની પ્રણયભાવનાનું વિશિષ્ટપણે નિર્વહણ કરે છે. મુંજ જે પ્રણયને ખાતર હાથીના પગ નીચે હસતે મુખે ચગદાઈ જાય છે. એ પ્રણય એટલે સ્ત્રી અને પુરુષ વચ્ચેનું અદમ્ય આકર્ષણ. પાત્રોના પરસ્પર સંઘર્ષને નિરૂપવામાં મુનશીની સર્જકતા સોળે કળાએ ખીલી છે. મુંજ, રસનિધિ અને ભિલ્લમ જેવા પુરુષપાત્રોની અસાધારણ શૂરવીરતાની જેમ સ્ત્રીપાત્રોની ખરી કસોટી પુરુષ સામે પોતાનો પ્રતાપ બેસાડવાના પ્રયાસમાં તેમને સહેવા પડતાં માનસિક મંથનોમાં જોવા મળે છે. મુંજ અને મૃણાલ તેનું પ્રામાણ છે.

નિર્ભયતા એ આ મહાપાત્રોનો સૌથી મોટો ગુણ છે. રાજકીય, સામાજિક કે ધાર્મિક ક્ષેત્રે ખેલાતા જીવનસંગ્રામમાં એ નિર્ભયતાનું આવિષ્કરણ વીરત્વરૂપે પ્રગટ થાય છે. તેમાં પુરુષો જેટલું સ્ત્રીઓનું પણ શૌર્ય પ્રગટે છે. લગ્નની બાબતમાં આ કથાના બધાં જ સ્ત્રીપાત્રો સ્વેચ્છાના આગ્રહી છે. આ પ્રતાપી નારીઓ પોતાની અંગત સ્વતંત્રતાની રક્ષા માટે પોતાના જીવનને હોડમાં મૂકે છે. આ બાબતમાં મૃણાલ, વિલાસ, લક્ષ્મીદેવી, જક્કલા–બધી કક્ષાની નારીઓ એકપંક્તિમાં સ્થાન પામે છે. મુનશીની અન્ય નવલકથાઓમાં રાજાઓ, યુદ્ધો, સંધિ, વિગ્રહો, રાજદરબારની ખટપટો મોખરે રહે છે તેમ 'પૃથિવીવલ્લભ'માં પણ યુદ્ધો, વિગ્રહો, ઇત્યાદિ મેલું રાજકારણ અને કૂટનીતિ મોખરે રહ્યાં છે.

ભાષા, વર્ણન, સંવાદ, પાત્રાલેખન, શૈલી અને ભાષાકીય સજ્જતાના ધોરણે મુનશીની કલમ આ નવલકથામાં સર્વાંશે વિશિષ્ટ રહી છે. ઐતિહાસિક નવલકથામાં મુનશીએ ઇતિહાસના મૂલ્યોનું દસ્તાવેજી આલેખન ટાળી ઇતિહાસ સાથે થોડી છૂટછાટ લઈને પુરવાર કરી આપ્યું છે કે 'Historian records and Artist creates.' કંઈક નવી ચીજનું સર્જન કરવું એ સર્જકનો કલાધર્મ છે. મુનશી એ સિદ્ધાંતને વરેલા તટસ્થ સર્જક હતા.

આ નવલકથાનો કથાપ્રવાહ રસળતો, ધસમસતો, સુગ્રથિત વસ્તુસંકલના અને લાંબા સમય સુધી યાદ રહી જાય તેવા પરિસ્થિતિગત સંઘર્ષો અને સંવાદોથી ખચિત, ચિંતનભાર વિનાનો, આનંદલક્ષી હેતુવાળા રંગદર્શી પ્રકૃતિવાળા સર્જક મુનશીની 'પૃથિવીવલ્લભ' નવલકથાનું એક અખંડ શિલ્પ રચી આપે છે.

આજે ૯૦ વર્ષ પછી પણ મુનશીની બહુચર્ચિત નવલકથા 'પૃથિવીવલ્લભ' વિશે આપણે ચર્ચા કરીએ છીએ એ જ આ નવલકથાની વિશિષ્ટતા દર્શાવે છે.

●

(અનુસંધાન પાન નંબર ૫૦નું અનુસંધાન)

વગોવણી કેમ?'' મારે મન તો 'હું' અને 'ન' બંને ભરોસેમંદ જ છે એટલે જ ક્યારેક મને મૂંઝવણ થાય છે કે 'હું' ને 'ન' નામનો પડછાયો છે તો ખરો ને? આવા સમયે આ 'હું' અને 'ન' મને ભારે રાજકારણી લાગે છે, અદ્દલ પેલી સાંજ જેવા જ! ક્યારેક મને લાગે છે કે મને મધ્યસ્થી બનાવીને, બંને ભેગા મળી, મને જ બહાર ફેંકી દે તેવા છે. છતાંય આ 'હું' ને 'ન' મારી આંખોથી અળગા નથી.

ઉનાળાની સવારે મસ્ત ઠંડો પવન, ડુંગરની ટોચ પર જ્યાં એકમાત્ર લીલું વૃક્ષ વડલો છે અને એના પાનની ચમક પર સૂર્ય ઉદયમાન થવાને આરે જ છે. હવે વડલાનાં પાન પણ ઉદયી સૂર્ય ઝૂલી રહ્યો છે. જાણે કે મધ્યાહ્નનો ઊંચો કૂદકો લગાવવાની તૈયારીમાં તાકીને જ ના બેઠો હોય! ને મારા હાથમાં રહેલી ચાની રકાબીમાં સૂર્યમત્સ્ય તરી રહ્યું છે. આ મારી બાજુમાં બેઠેલા 'હું' અને 'ન' મને ઉશ્કેરી રહ્યા છે : ''પી જા સાલ્લાને! તો વહેલી સાંજ પડે.'' તે આ સૂર્યમત્સ્ય હજીયે મારા પેટમાં તરફડે છે. ત્યાં તો સાંજ પણ આવી ગઈ!.... કે ગઈ?? હજીયે આ સાંજનું એ જ ચિત્ર અને ચરિત્ર છે. 'ન' 'હું'થી મોટો થઈને બેસી ગયો છે. એ જ લડાઈ આજે પણ ચાલી છે, પરશુરામ અને ભીષ્મની લડાઈ જેવી જ લાંબીલચક, મચક ન આપે તેવી. મને તો હવે તેની આદત પડી ગઈ છે. થોડી જ વારમાં હવે, ડુંગરને ખૂણે, ઢળતા ઢાળે ચાંદો ડોકિયું કરશે, સૂકાં ઝાડવાંની ડાળીઓમાં અટવાતો, અથડાતો, કૂટાતો.... નકારના 'ન' અને 'હું' જેવો તો નહિ જ નહિ....

●

પ્રશ્નોત્તરી કાવ્યની રહસ્યમય દુનિયા એટલે 'મેડિટેશન'

– કિરીટ દવે

આપણે ત્યાં પ્રયોગલક્ષી કાવ્યસંગ્રહો પ્રમાણમાં ઓછાં પ્રગટ થાય છે. તાજેતરમાં પ્રગટ થયેલો સંગ્રહ 'મૅડિટેશન' પ્રયોગલક્ષી છે. તેનું કારણ તેના કવિ મધુ કોઠારી પ્રયોગ તરફનું વલણ ધરાવે છે. આ પહેલાં 'ચાવીને થૂંકી દઉં છું', 'ઑરબીટ', 'પૅનોરમા' જેવા પ્રયોગયુક્ત કાવ્યસંગ્રહો તેઓ આપી ચૂક્યા છે. હવે તેઓ આવો જ સંગ્રહ લઈને આવે છે તેમાં વિસ્મયજનક પ્રશ્ન અને તેનો કાવ્યાત્મક ઉત્તર હોય એવા કાવ્યોનો સમાવેશ કરવામાં આવ્યો છે. ઉપલક દૃષ્ટિએ આવા પ્રશ્નોત્તરી કાવ્યો સીધા સાદા લાગે પણ ભીતર તેમાં રહેલો ગૂઢાર્થ છતો થાય છે ત્યારે વાચકને નવીન પ્રકારની કાવ્યાનુભૂતિ થાય છે. આ સંગ્રહમાં કવિએ પ્રશ્નોત્તરી કાવ્ય એટલે શું ? તેનાં સ્વરૂપની પણ ચર્ચા કરી છે. સગવડ ખાતર તેમણે આવા કાવ્યોના ત્રણ વિભાગ પાડ્યા છે. પ્રકૃતિવિષયક કાવ્યો, ચિંતનવિષયક અને અધ્યાત્મવિષયક કાવ્યો. કવિએ જણાવ્યું છે તેમ પ્રારંભમાં તો તેમના ચિત્તતંત્રમાં જે કાવ્યો સ્ફુર્યા તે ટપકાવી લીધાં અને ત્યારપછી તેનું વિભાગીકરણ કર્યું. હવે આપણે વિભાગ પ્રમાણે થોડા પ્રશ્નોત્તરી કાવ્યોનું રસપાન કરીશું.

તેમણે પ્રકૃતિનાં રમણીય દૃશ્યો પણ આપણી સામે ખડાં કરી દીધાં છે.

મેઘધનુષ્ય
કેમ રડે છે ?

બાળકે એની સામે
ન જોયું તેથી.

અધ્યાત્મ લઘુકાવ્યો પણ અદ્‌ભુત છે –

પંખી કોને
બોલાવે છે ?

તારામાં
છુપાયેલા આત્માને.

કે પછી,

અગોચર વિશ્વ કેવું છે ?

ધુમ્મસ જેવું સફેદ !

ચિંતનલક્ષી લઘુકાવ્યોમાં પણ કવિ સરસ કલ્પનો મૂકે છે.

કોનું સરનામું ડિલીટ કરો છો ?

ઉદાસીનું સરનામું.

કે પછી,

મિલ્ક પાવડરથી
અધિક
સફેદ કોણ?

બાળકનું મન.

આમ આવી કેટલીક રચનાઓમાં કવિએ પોતાનું લક્ષ્ય સિદ્ધ કર્યું છે તે માણવા-પ્રમાણવા જેવું છે.

સમગ્ર કાવ્યસંગ્રહ જોતાં જણાય છે કે મધુભાઈ પાસે પ્રશ્નો કરવાની અને તેના કલાત્મક ઉત્તરો મેળવવાની કળા છે. આવા કાવ્યો પ્રમાણમાં નવા હોવાથી તેમને સર્જવાનું મુશ્કેલ હોય છે. આ માટે કવિએ ઠીક ઠીક પ્રમાણમાં રિયાઝ કર્યો લાગે છે.

પ્રસ્તાવનામાં ડૉ. પ્રવીણ દરજી યોગ્ય રીતે જણાવે છે કે, ''મધુ કોઠારીના આ લઘુ સાઈઠ જેટલાં પ્રશ્નોત્તરી કાવ્યોમાંથી લગભગ એકીબેઠકે પસાર થઈ ગયો. તેમાંથી કેટલીક તરંગલીલાઓ ચમત્કૃતભર્યા ઉત્તરોથી રાજી થતાં એને બીજી વેળા પણ સાદ્યંત માણી ગયો. ટૂંકમાં લખવું-ગદ્ય કે પદ્યમાં થોડું અઘરું છે. તેમાંય ધાર્યું લક્ષ્ય સિદ્ધ કરવું તેથીય તે અઘરું છે. તેથી આ પ્રકારની રચના લખનાર માટે પડકાર બની રહે છે.''

જે કોઈને પ્રયોગલક્ષી કવિતામાં રસ છે અને કંઈક નવું પામવાનું ખેવના છે. કંઈક પ્રાપ્ત કરવાનો ઓડકાર ખાવો છે તેમણે આ સંગ્રહ જોવો જ રહ્યો.

'મૅડિટેશન' : મધુ કોઠારી, ફીલિંગ પ્રકાશન, ૩ તિરુપતિનગર, રૈયા રોડ, રાજકોટ-૭.

●

નકારનો 'ન' અને 'હું'

– જયેશ વરિયા

સમયને સાચવી શકું છું એટલે જ,
સમયનો ભાંગીને ભુક્કો કરી શકું છું.

સમય બરડ થઈ જાય ત્યારે -
સમયનો ચોળી ચોળીને પિંડ બનાવું છું.
- ['ન' અને 'હુ']

આમ તો 'હું' એટલે જ 'ન.' 'હું' આમ તો માત્રને માત્ર 'ન' જ છે. નકારનો ન. સાંજ આવતાં સૂર્યકિરણમાં, જે નથી દેખી શકાતો એવો રંગવિહીન 'ન.' રંગની વચ્ચે આવતો અને આખા આકાશને રંગથી ભરી દેતો, ઢ... ળ... તો 'ન.' 'ન'નું પરિચયનામું એવું છે કે..... 'હું' અને 'ન'નો તફાવત જ નથી, છતાં પણ 'હું'ને 'ન'નો પડછાયો હજીયે છૂટ્યો નથી. એમ પણ પડછાયો ક્યાં છૂટતો હોય છે!.... અને છતાં પણ પડછાયો હોય છે, તો અલગ જ ને! આમ તો પ્રકાશને જ પડછાયો હોય 'હું'ને ક્યાંથી હોય ? પણ 'હું' જ પ્રકાશ છે એટલે 'ન' જાય ક્યાં ?

જ્યારે 'હું'ને એવું લાગી આવે છે કે એને કોઈ જ સમજી શકતું નથી ત્યારે 'હું' અને 'ન' મારી પાસે આવીને બેઠક જમાવે છે. એ સમયે 'મિલ બેઠેંગે તીન યાર....' જેવી અમારી ત્રિપુટી સાંજનો જામ ભરી ભરીને પીધા કરે છે. તે સમયનો ફાયદો ઉઠાવીને આ સાલ્લો 'ન' 'હું' થી પણ મોટો થવા જાય છે. મને હંમેશા એવું લાગે છે કે આ બંને લડી મરશે અને એ પણ આ ક્ષણે ક્ષણે રંગ બદલતી સાંજ માટે... એમ તો કયારેય પણ આ સાંજનું આવવું કે જવું નક્કી જ કરી શકાયું નથી અને આમેય હજી સુધી ક્યાં કોઈ જાણી શક્યું છે સ્ત્રીના હૃદયને ?

એકવાર આ 'હું' મને કહે : ''આ 'ન' સાલો નકામો માણસ છે! 'હું' છું, માટે 'ન' છે. બાકી આ 'ન' છે કોણ?'' મારે 'હું'ને જવાબ તો આપવો જ પડે. એટલે મેં કહ્યું, '''ન' તો તું જ છે ને! તો પછી?.....'' ''જોયું ને!.... પહેલાં તો 'ન' ને માથે ચડાવ્યો અને હવે બાજી કાં પલટાઈ ગઈ? 'ન' ને 'હું'થી આટલો અલગ કરીને, 'ન'ની આટલી

(અનુસંધાન પાના નંબર ૪૭ ઉપર)

આ અંકના લેખકો....

- **રમણીક સોમેશ્વર**
  C/o. ડૉ. દર્શના ધોળકિયા
  ન્યુ મિન્ટ રોડ, પેરિસ બેકરી પાસે, ભૂજ (કચ્છ) - ૩૭૦૦૦૧.
  ફોન : (મો.) ૯૪૨૯૩૪૨૧૦૦
- **રાકેશ દેસાઈ**
  અધ્યક્ષ, અંગ્રેજી વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી,
  ઉધના-મગદલ્લા રોડ, સુરત.
- **દિનેશ ડોંગરે 'નાદાન'**
  ૩૯/સી, રામવાટિકા સોસાયટી, વૃંદાવન સોસાયટી પાસે, આયુર્વેદિક કૉલેજ રોડ,
  પાણીગેટ બહાર, વડોદરા-૩૯૦૦૧૯.
  ફોન : (મો.) ૯૮૯૮૩૪૬૮૭૭
- **રિયાઝ દામાણી**
  'દામાણી હાઉસ', જૂની યુકો બેન્ક એરિયા, ગજાનંદ ચોક, ઢસા ગામ,
  જિ. બોટાદ-૩૬૪૭૩૦
  ફોન : (મો.) ૯૭૩૭૬૯૪૦૦૩, ૮૭૮૦૨૯૩૧૨૦
- **વિજય રાજ્યગુરુ**
  ૪૦, ગૌતમેશ્વરનગર, રાજકોટ રોડ, શિહોર, જિ. ભાવનગર-૩૬૪૨૪૦
  ફોન : (મો.) ૯૪૨૭૭૫૨૦૦૫, ૯૩૭૫૧૪૬૪૪૪
- **ભારતી બી. પ્રજાપતિ**
  ૭, નીલકમલ સોસાયટી, સતાધાર ચાર રસ્તા પાસે, સોલા રોડ, અમદાવાદ-૩૮૦૦૬૧
  ફોન : (મો.) ૯૯૦૯૯૫૦૧૭૭
- **ડૉ. સુધીર દેસાઈ**
  'ભાઉ નિવાસ', સ્વાગત ગેસ્ટ હાઉસ, ગોધરા. ફોન : (મો.) ૯૯૦૯૯૫૦૧૭૭
- **ડૉ. મોહનભાઈ જે. ચાવડા**
  અધ્યક્ષ, ગુજરાતી વિભાગ, બી. ડી. આર્ટ્સ કૉલેજ, સીટી કૅમ્પસ, લાલ દરવાજા, અમદાવાદ.
  ફોન : (મો.) ૯૬૬૨૧૪૫૦૫૮
- **વલ્લભ નાંઢા**
  324, Horn Lane, Acton, LONDON, W3 6TH
- **કિરીટ દવે**
  ૧૧, તેજસ સોસાયટી, નિર્ણયનગર પાસે, અમદાવાદ-૩૮૨૪૮૧
- **જયેશ વરિયા**
  મુ. પો. સેવનિયા, તા. દેવગઢ બારિયા, જિ. દાહોદ.
  ફોન : (મો.) ૯૯૭૯૯૨૬૧૧૮

TADARTHYA 'Registered under RNI No. GUJ GUJ/2006/17319" Permitied to post at Ahmedabad PSO on 29th every month under postal regd. No. GAMC - 1526/2016 - 2018 issued by SSP Ahd. Valid upto 31-12-2018



અમે ન પલળવાનું નક્કી કરી બેઠા છીએ. દીકરીઓએ સ્ટોર રૂમમાંથી છત્રીઓ શોધી કાઢી છે ખાસ્સું ફંફોસીને. 'પપ્પા, આ તમારી છત્રી. હવે વરસાદ પડશે.' પત્ની પણ ચિંતા કરવા લાગી છે. બહાર જાવ તો છત્રી લઈને જજો, શરદી થશે.' હા, હવે મને શરદી થાય છે થોડોક પલળું છું ત્યાં. ધોધમાર વરસાદમાં ચડ્ડી-પહેરણ કાઢી નેવે પલળતાં કદી શરદી નહોતી થઈ. ઢાળમાં રેલાતાં ખાબોચિયામાં આખા ને આખા વરસાદી ભેજમાં તણાઈ જતા તોય પાછા કોરાકટ થઈ જતા. હવે તો માત્ર વરસાદના નામ માત્રથી છીંકો આવવા માંડે છે. આનું કારણ હવે મને સમજાય છે કે મારામાં હતો એ ભેજ સુકાઈ ગયો છે. માણસ કોરોકટ થતો થતો એક દિવસ રણ બનીને પથરાય તો નવાઈ નહિ.

એક માણસ વિના વરસાદ છત્રી ઓઢીને નીકળ્યો છે. એને જોઈ હસવું આવે છે. એ પૂછે છે : 'મિસ્ટર, તમે કેમ હસો છો, એની મને ખબર પડી ગઈ છે. મેં છત્રી ઓઢી છે એટલે ને? મિસ્ટર, તમને ખબર ક્યાં છે? મારા જેવો એકાદ ઓઢેલો મળે તો માનજો કે હજી માનવતા બચી છે. મિસ્ટર બીજી વાત, વરસાદ પડે ને ઓઢે એ મૂર્ખ, એ પહેલાં છત્રી ઓઢે એય ડાહ્યો. આમ તો દરેક માણસ છત્રી ઓઢીને જીવે છે, પણ એ છત્રી કોઈને દેખાય છે ને કોઈને નહિ.' છત્રી ઓઢીને નીકળેલા વરસાદપોચા માણસો મને ગમતા નથી. જે માણસ પહેલા ફોરે ઢેફાની જેમ પલળી ના ઑગળે એ પથ્થર જ. બધે પથ્થરો વધ્યાં છે એટલે છત્રીઓ જોઈએ જ.

– ડૉ. મફત ઓઝા